dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 327 | AD - 2024, Shravan Vad - 14 | Sunday, Dt.01-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પ્રધાનમંત્રીએ ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂરા થવા પર પોસ્ટેજ સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ કર્યું

## મહિલાઓ સામેના ગૂનામાં ઝડપી ન્યાય જરૂરી : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું આ અવસર પર, મોદી ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂરા થવા પર પોસ્ટેજ સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ કર્યું હતું અને વડાપ્રધાન મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૩ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેનો મેરઠ અને લખનૌ, ચેન્નાઈ અને નાગરકોઈલ અને બેંગલુરુ અને મદુરાઈ વચ્ચે દોડશે. મેરઠ-લખનૌ વંદે ભારત ટ્રેન ૪૫૯ કિમીનું અંતર કાપીને મુરાદાબાદ, બરેલી અને આલમનગરમાં ઉભી રહેશે. મહિલાઓ સામેના ગુનાઓના કેસોમાં ઝડપી ન્યાયની જરૂરિયાત પર ભાર મૂકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે આનાથી મહિલાઓમાં તેમની સુરક્ષા અંગે વિશ્વાસ વધશે. મોદીએ કહ્યું કે ન્યાયતંત્રને બંધારણનું રક્ષક માનવામાં આવે છે અને સુપ્રીમ કોર્ટ અને ન્યાયતંત્રએ આ જવાબદારી સારી રીતે નિભાવી છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની હાજરીમાં જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે કહ્યું કે ભારતના લોકોએ ક્યારેય સુપ્રીમ કોર્ટ કે ન્યાયતંત્ર પ્રત્યે અવિશ્વાસ દર્શાવ્યો નથી. કટોકટી લાદવાની પ્રક્રિયાને 'અંધકારમય' સમયગાળો ગણાવતા વડા પ્રધાને કહ્યું કે ન્યાયતંત્રે મૂળભૂત અધિકારો જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રીય સુરક્ષાની બાબતો પર મોદીએ કહ્યું કે ન્યાયતંત્રએ રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને રાષ્ટ્રીય અખંડિતતાનું રક્ષણ કર્યું છે. કોલકાતામાં એક મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા અને થાણેની એક શાળામાં બે છોકરીઓની જાતીય સતામણીના કિસ્સાઓની પૃષ્ઠભૂમિમાં, તેમણે





કહ્યું કે મહિલાઓ સામે અત્યાચાર અને બાળકોની સુરક્ષા એ સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય છે. વડાપ્રધાને કહ્યું કે, 'મહિલાઓ સામેના અત્યાચારના મામલામાં જેટલો ઝડપી ન્યાય આપવામાં આવશે, તેટલી જ અડધી વસ્તી તેમની સુરક્ષાને લઈને વધુ વિશ્વાસુ હશે ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા ફોજદારી ન્યાય પ્રણાલીમાં વધુ સારા સંકલનની ખાતરી કરો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટે કટોકટીના કાળા દિવસોમાં મૂળભૂત અધિકારો અને રાષ્ટ્રીય હિત સંબંધિત મુદ્દાઓ પર રાષ્ટ્રીય એકતા જાળવી રાખી હતી. ભારતના લોકોએ ક્યારેય કોર્ટ કે ન્યાયતંત્રમાં અવિશ્વાસ દર્શાવ્યો નથી. સુપ્રીમ કોર્ટના ૭૫ વર્ષ એ બંધારણ, બંધારણીય મૂલ્યો અને વધુ પરિપક્વ લોકશાહી તરીકે ઉભરી રહેલા ભારતની યાત્રા છે. પીએમ મોદીએ કહ્યું, 'ભારતના લોકોએ ક્યારેય સુપ્રીમ કોર્ટ અને ન્યાયતંત્ર પર અવિશ્વાસ કર્યો નથી. તેથી, સુપ્રીમ કોર્ટના આ ૭૫ વર્ષ લોકશાહી માતા તરીકે ભારતનું ગૌરવ વધારે છે. સુપ્રીમ કોર્ટના ૭૫ વર્ષ આ માત્ર એક સંસ્થાની યાત્રા નથી. આ ભારતના બંધારણ અને બંધારણીય મૂલ્યોની યાત્રા છે. લોકશાહી તરીકે ભારત વધુ પરિપક્વ બનવાની આ યાત્રા છે. 'સત્યમેવ જયતે-નાનરિતમ'! (સત્યમેવ જયતે-નાન્રિતમ'!) વડાપ્રધાન મોદીએ કહ્યું, 'ન્યાયમાં વિલંબને સમાપ્ત કરવા માટે છેલ્લા એક દાયકામાં ઘણા સ્તરે કામ કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં, દેશે ન્યાયિક માળખાના વિકાસ માટે અંદાજે ૮ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે. છેલ્લા ૨૫ વર્ષમાં ન્યાયિક માળખા પર ખર્ચવામાં આવેલી રકમમાંથી ૭૫ ટકા રકમ છેલ્લા ૧૦ વર્ષમાં જ ખર્ચવામાં આવી છે. આજે મહિલાઓ સામે અત્યાચાર, બાળકો અને સમાજની સુરક્ષા ગંભીર ચિંતાનો વિષય છે. દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે, પરંતુ આપણે તેને વધુ સક્રિય બનાવવાની જરૂર છે. મહિલાઓ સામેના અત્યાચારો સંબંધિત કેસોમાં જેટલી ઝડપથી નિર્ણય લેવામાં આવશે, તેટલી જ અડધી વસ્તીને સુરક્ષાની ખાતરી મળશે."પીએમ મોદીએ વધુમાં કહ્યું કે સુપ્રીમ કોર્ટે કટોકટીના કાળા દિવસોમાં મૂળભૂત અધિકારો અને રાષ્ટ્રીય હિત સંબંધિત મુદ્દાઓ પર રાષ્ટ્રીય એકતા જાળવી રાખી હતી.

## હરિયાણા વિધાનસભાની ચૂંટણીની તારીખમાં ફેરફાર : ૯૦ બેઠક માટે ૫ ઓક્ટો.એ થશે મતદાન

**જમ્મુ-કાશ્મીરની ચૂંટણીના પરિણામે હવે ૮ ઓક્ટોબરે જાહેર થશે**

ચંડીગઢ,તા.૩૧

હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખમાં ચૂંટણી પંચે ફેરફાર કર્યો છે. ૯૦ બેઠકો માટે હવે ૧ ઓક્ટોબરને બદલે ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાશે. આ સિવાય પરિણામ ૮ ઓક્ટોબરે આવશે. પંચે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પરિણામો પણ ૮ ઓક્ટોબરે જાહેર કરવાની જાહેરાત કરી છે. અગાઉ બંને રાજ્યોના પરિણામ ૪ ઓક્ટોબરે આવવાના હતા. ચૂંટણી પંચે કહ્યું કે રાજસ્થાનની અખિલ ભારતીય બિશ્નોઈ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષે અમારી પાસે તારીખ બદલવાની માગ કરી હતી. તેમણે કહ્યું કે ઘણી પેઢીઓથી પંજાબ, રાજસ્થાન અને હરિયાણાના ઘણા પરિવારો ગુરુ જંભેશ્વરની સ્મૃતિમાં બિકાનેર જિલ્લામાં 'આસોજ' મહિનાની અમાવાસ્યા દરમિયાન પૈતૃક ગામ મુકામમાં વાર્ષિક ઉત્સવમાં ભાગ લે છે. આ વર્ષે આ તહેવાર ૨ ઓક્ટોબરે આવી રહ્યો છે. આ કારણે સિરસા, ફતેહાબાદ અને હિસારના હજારો બિશ્નોઈ પરિવારો મતદાનના દિવસે રાજસ્થાનના પ્રવાસે હશે, જેના કારણે તેઓ ૧ ઓક્ટોબરે મતદાન કરી શકશે નહીં. જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં નામાંકન પરત ખેંચવાના અંતિમ દિવસે ૨૫ ઉમેદવારોએ પોતાના નામ પાછા ખેંચી લીધા હતા. અગાઉ ૩૬ નામાંકન રદ કરવામાં આવ્યા હતા. હવે પ્રથમ તબક્કામાં ૨૧૯ ઉમેદવારો મેદાનમાં છે. જે ૨૫ ઉમેદવારોએ તેમના પેપર પાછા ખેંચ્યા છે તેમાંથી ૫ કાશ્મીર વિભાગના છે જ્યારે બાકીના જમ્મુ વિભાગના છે.




### સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને બંધારણ દ્વારા માન્યતા પ્રાપ્ત દરેક ભાષામાં અનુવાદિત કરવામાં આવે છે

## પ્રાદેશિક ભાષામાં કાયદાકીય શિક્ષણ મળશે તો જ વકીલો માતૃભાષામાં દલીલો કરી શકશે : ચીફ જસ્ટીશ ડીવાય ચંદ્રચુડ

નવીદિલ્હી,તા.૩૧

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે પ્રાદેશિક ભાષાઓમાં કાયદાકીય શિક્ષણની માંગ કરી હતી. તેમણે કહ્યું કે જો આમ થશે તો નાગરિકોને તેઓ જે ભાષા સમજે છે તેમાં કાયદાકીય સમજ પડશે. ડીવાય ચંદ્રચુડે કહ્યું કે હું માત્ર આશા રાખું છું કે હવે અમે દરેક પ્રાદેશિક ભાષામાં કાયદાકીય શિક્ષણ મેળવીશું જેથી અમે વકીલોનું નવું જૂથ બનાવી શકીએ જેઓ કોર્ટમાં દલીલ કરવા માટે તેમની માતૃભાષામાં સારી રીતે બોલી શકે અને ન્યાયને પ્રોત્સાહન આપી શકે.

ન્યાયતંત્રમાં ટેક્નોલોજી અપનાવવાની વાત સમજાવતા મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે કહ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને બંધારણ દ્વારા માન્યતા પ્રાપ્ત દરેક ભાષામાં અનુવાદિત કરવામાં આવે છે. તેમણે માહિતી આપી હતી કે ૭૩,૦૦૦ અનુવાદિત ચુકાદાઓ સાર્વજનિક ડોમેનમાં છે. તેમણે માહિતી આપી હતી કે ન્યાયની શોધમાં નાગરિક માટે જિલ્લા ન્યાયતંત્ર એ પ્રથમ સંપર્ક છે.ચંદ્રચુડે કહ્યું, "ઘણા નાગરિકો કાનૂની પ્રતિનિધિત્વ પરવડી શકતા નથી. તેઓમાં જાગરૂકતાનો અભાવ છે અને તેઓ કોર્ટમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલીઓ અનુભવે છે. અમારા કાર્યની ગુણવત્તા અને અમે નાગરિકોને ન્યાય આપીએ છીએ તે સંજોગો નક્કી કરે છે કે તેઓને અમારામાં વિશ્વાસ છે કે નહીં અને તે સમાજ પ્રત્યેની અમારી પોતાની જવાબદારીની કસોટી છે.



### દેશમાં અત્યારે કોરોનાના ૨૭૯ સક્રિય કેસ છે

## ભારત કોવિડની બીજી લહેર માટે તૈયાર રહે : જૂન-જુલાઈમાં ૯૦૮ નવા કેસ, બેના મોત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૧

યુએસ અને દક્ષિણ કોરિયા સહિત ઘણા દેશોમાં કોવિડના કેસોમાં વધારા વચ્ચે એક નિષ્ણાંતે કહ્યું કે ભારતે કોવિડની બીજી લહેર માટે તૈયાર રહેવું જોઈએ. અમેરિકાના ૨૫ રાજ્યોમાં કોવિડનો ચેપ વધી રહ્યો છે. દક્ષિણ કોરિયામાં પણ કોવિડના કેસ વધી રહ્યા છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, આ વર્ષે જૂન અને જુલાઈ વચ્ચે ભારતમાં કોવિડ-૧૯ના ૯૦૮ નવા કેસ અને બે મૃત્યુ નોંધાયા છે. શિવ નાદર યુનિવર્સિટી, નોઈડાના વાઈરોલોજિસ્ટ પ્રોફેસર દીપક સહગલે કહ્યું કે, વાયરસ ચોક્કસપણે ફરીથી ઉભરી આવ્યો છે. કોવિડનો તાજેતરનો પ્રકોપ કેપી વેરિઅન્ટને કારણે થયો છે – જે ઓમિક્રોન વેરિઅન્ટથી સંબંધિત છે.

જો કે ભારતમાં સ્થિતિ ગંભીર નથી, પરંતુ આપણે તેના માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવું પડશે. ભારતમાં, કેપી.૨ વાયરસ પહેલીવાર ડિસેમ્બર ૨૦૨૩માં ઓડિશામાં મળી આવ્યો હતો. દરમિયાન, ભારતના ઘણા રાજ્યોમાં કોવિડના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારતમાં કોરોનાના ૨૭૯ સક્રિય કેસ છે.



અગાઉ, કોરોનાના બે મોજામાં લાખો લોકોના મોત થયા હતા.

નોંધનીય છે કે કોંગોમાં આ વાયરસ ફાટી નીકળ્યા બાદ ડબ્લ્યુએચઓએ આ મહિને ફરી એમપીએએકસની સ્થિતિને વૈશ્વિક જાહેર આરોગ્ય કટોકટી તરીકે જાહેર કરી છે. અગાઉ જુલાઈ ૨૦૨૨ માં,એમપીએએકસને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરવામાં આવી હતી. એમપોક્સ એક ચેપી વાયરલ રોગ છે. તેના લક્ષણોમાં ફોલ્લીઓ, ફોલ્લા, તાવ, શરીરમાં દુખાવાનો સમાવેશ થાય છે. આ સિવાય દેશમાં સ્વાઈન ફ્લૂ વાયરલ ચેપના રોગોમાં પણ વધારો થઈ રહ્યો છે.













# વડિયાના અણઉકેલ પ્રશ્ને અધિકારીઓને અલ્ટીમેટમ આપતા કૌશિક વેકરીયા

વડિયા, તા.૩૧



અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ વડિયા ખાતે તમામ અધિકારીઓની એક બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે અગાઉ યોજાયેલા લોકદરબારમાં રજૂ થયેલા પ્રશ્નોના નિરાકરણની સમીક્ષા કરી હતી. વેકરીયાએ દરેક અધિકારી પાસેથી તેમની કામગીરીનો હિસાબ માંગ્યો હતો. જે વિભાગોમાં કામગીરી ધીમી જણાઈ, તેમને તુરંત કાર્ય પૂર્ણ કરવા માટે કડક સૂચના આપવામાં આવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે ટૂંક સમયમાં ફરી લોકદરબાર યોજાશે, અને જો અગાઉના પ્રશ્નો ફરી રજૂ થશે તો સંબંધિત અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ધારાસભ્ય તરીકે વેકરીયાની આ પહેલને સ્થાનિક લોકોએ આવકારી છે. આ બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં પાલિકાની બેદરકારીથી બે ગાયોના વીજ કરંટથી થયા મોત

બગસરા, તા.૩૧



તસવીર : હાર્દિક બામટા

બગસરા નગરપાલિકાની ઘોર બેદરકારીને કારણે શનિવારે સવારે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની, જેમાં બે ગાયોના વીજ કરંટથી મોત નીપજ્યા. પણ આ ઘટનામાં ગાયોના માલિકનો આબાદ બચાવ થયો. નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટ ફિટિંગમાં વાયરના જોડાણ વખતે યોગ્ય સુરક્ષા ઉપાયો ન અપનાવવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ. શહેરના નદીપરા વિસ્તારમાં નનુભાઈ રૈયાભાઈ ભરવાડના વાડામાં બાંધેલી બે ઊંચી કિંમતની ગાયો, વાડાના લોખંડના દરવાજા સાથે સ્ટ્રીટ લાઈટના વીજવાયરના સંપર્કમાં આવતાં મૃત્યુ પામી. આ ઘટનામાં નનુભાઈ પોતે પણ માંડ માંડ બચ્યા. જ્યારે તેઓ વાડામાં પ્રવેશ્યા, ત્યારે તેમને પણ વીજ કરંટ લાગ્યો, પરંતુ સદભાગ્યે તેઓ દૂર ફેંકાઈ જતાં બચી ગયા. આ ઘટનાએ નગરપાલિકાની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિક લોકોની માંગ છે કે પાલિકા તાત્કાલિક સમગ્ર શહેરમાં સ્ટ્રીટ લાઈટના વીજવાયરોની ચકાસણી કરે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ટાળી શકાય.

# ઘાંડલા ગામે ધારેશ્વર ડેમ પાસે તું ડેમમાં કેમ માછીમારી કરે છે કહી ગાળો આપી

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલાના વિજપડી ગામે રહેતો એક પ્રૌઢ ઘાંડલા ગામે માછીમારી કરતા હતા ત્યારે તેને ગાળો બોલી, તેની પાછળ દોડીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે વિજપડી ગામના કુરજીભાઈ ભીખાભાઈ મકવાણા (ઉ.વ.૬૫) એ ઘાંડલા ગામના રફીકશા ભીખુશા કનોજીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ઘાંડલા ગામે ધારેશ્વર ડેમ પાસે વાડીમાં ભાગીયું રાખેલું હોવાથી ત્યાં કામ કરતા ત્યારે આરોપી હાથમાં ધોકો લઈને આવ્યો હતો. તેણે તું કેમ ડેમમાં માછલાની માછીમારી કેરે છે તેમ કહી ગાળો આપી જમણા હાથે ધોકાનો એક ઘા મારી તેમની પાછળ દોડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# એસ.એચ.ગજેરા કેમ્પસમાં જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી

અમરેલી, તા.૩૧



શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ-સ્કૂલ-હોસ્ટેલમાં જન્માષ્ટમી મહોત્સવ ૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ડાન્સ, ડ્રામા અને મિમિક્રીમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, બાળ સ્વરૂપે રાસલીલા રમી રહ્યા હોય તેવો નજારો પણ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા મટકી ફોડી રાસ ગરબા સાથે ભગવાન બાળ સ્વરૂપે રાસલીલા રમી રહ્યા હોય તેવો નજારો પણ જોવા મળ્યો હતો. બેસ્ટ ડાન્સ અને બેસ્ટ ડ્રેસ તેમજ બેસ્ટ મહિલાઓની જોડી ને નિર્ણાયકોની ટીમ દ્વારા સારા પર્ફોમન્સ બદલ વિભાગ વાઈઝ બાલવાટિકા તેમજ ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ, ઈંગ્લિશ મીડિયમ અને મિશ્ર માધ્યમના પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આવેલ વિદ્યાર્થીઓને બેસ્ટ-પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. વિદ્યાર્થીઓમાં અભ્યાસ અને સંસ્કારનું સિંચન થાય રહે તેવા હેતુ સર કેમ્પસમાં આવા સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં દિનેશભાઈ ભુવા, સુરેશભાઈ દેસાઈ, રાજુભાઈ ગઢીયા, ગણપતભાઈ, સાગરભાઈ મહેતા, સરલાબેન ગજેરા, પટેલ સમાજ અને ખોડલધામ સમિતિના હોદ્દેદારો, મંત્રી ચતુરભાઈ ખુંટ, ખોડાભાઈ સાવલિયા, વસંતભાઈ પેથાણી, પ્રિન્સિપાલ, તેમજ તેમજ વાલીઓ હાજર રહ્યાં હતાં.

# સા.કુંડલામાં આસ્થા સાથે શિવ પાર્થિવ લીંગનુ પૂજન



અમરેલી,તા.૩૧

સાવરકુંડલા ખાતે આવેલ નિર્દોષાનંદ આશ્રમ ખાતે આસ્થા સાથે શિવ પાર્થિવ લીંગનું પૂજન કરવામાં આવ્યું હતુ. પાર્થિવ લીંગના પૂજન માટે મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટી પડ્યા હતા. સમગ્ર આશ્રમ હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો.

**અ.જિ.મ.સ.બેન્કના જનરલ મેનેજર સહિત સભાસદોની હાજરીમાં**

# વિઠ્ઠલપુર સે.સ.મં.લી.ની ૭૫મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

અમરેલી,તા.૩૧



અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર સે.સ.મં.લી.ની ૭૫મી વાર્ષિક સાધારણ સભા તા.૨૯ના રોજ સંપન્ન થઈ હતી. આ સાધારણ સભામાં અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા તથા શૈલેષ કથીરીયા ખાસ હાજર રહ્યાં હતા. આ તકે, મંડળીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અશોકભાઈ ગોંડલીયા, કમિટી મેમ્બર, મંત્રી દિનેશભાઈ ભટ્ટ તથા મંડળીના સભાસદ ભાઈઓ હાજર રહ્યાં હતા.

# હાડીડા ગામે દુખાવાથી કંટાળી એસિડ પીનારી પરિણીતાનું સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલાના હાડીડા ગામે દુખાવાથી કંટાળીને એસિડ પીનારી પરિણીતાનું સારવારમાં મોત થતાં પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. બનાવ સંદર્ભે કેતનકુમાર ભીમજીભાઈ ઘોડાદરા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની વંદનાબેન કેતનકુમાર ઘોડાદરા (ઉ.વ.૩૪)ને છેલ્લા બે વર્ષથી માથામાં ખુબ જ દુખાવો રહેતો હતો. આ દુખાવો બંધ નહીં થતાં કંટાળી તેમણે પોતાની મેળે ઘરે એસિડની બોટલમાંથી અડધી બોટલ ગટગટાવી લીધી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેનું મોત થયું હતં. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એ.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધાતરવડી-૧ ડેમના કેનાલ-કૂંડીની સફાઈ કરવા રજૂઆત

**ભાજપ આગેવાન રમેશ ડોબરીયાએ ધારાસભ્યને પત્ર પાઠવ્યો**

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે મોટાભાગના ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. જેના લીધે મહદઅંશે પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો હતો. જેમાં રાજુલાનો જીવાદોરી સમાન ધાતરવડી-૧ ડેમ પર ભરાઈ જતા લોકોને પાણીની સમસ્યામાંથી રાહત મળશે. આ ડેમ ભરાઈ જતા આવનારા સમયમાં ખેડૂતોને સિંચાઈ માટે ઉપયોગી થઈ શકે તેમ છે. જેમાં ખાસ કરીને રવી સીઝનમાં કેનાલથી પાણી પિયતથી આપવામાં આવશે પરંતુ મેઈન અને ડી-૧ શાખા કેનાલનો લાંબો વિસ્તાર હોવાથી માટી, ઘાસ, કચરો ભરાયેલ છે જેની તાત્કાલિક સફાઈ કરવામાં આવે તેમજ નદીની કૂંડી, વાવેરાના કેડાની કૂંડી અને ગોવિંદડીના કેડાની કૂંડીની સફાઈ કરવામાં આવે તે માટે તાલુકા સ.ખ.વે.સંઘ.લી. ના પ્રમુખ અને ભાજપ આગેવાન રમેશભાઈ ડોબરીયાએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને સિંચાઈ વિભાગના ઈજનેરને પત્ર પાઠવ્યો છે.

# આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષનો રાજુલામાં બે દિવસીય પ્રવાસ

રાજુલા, તા.૩૧



આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના ભારતીય અધ્યક્ષ ડૉ. પ્રવીણ તોગડિયા બે દિવસીય પ્રવાસે રાજુલા અને જાફરાબાદની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે સંગઠનના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ જોડાયા હતા. પ્રવાસ દરમિયાન, ડૉ. તોગડિયાએ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. રાજુલામાં અશોકભાઈ ધાખડાના નિવાસસ્થાને એક ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં સાંજનું ભોજન પણ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અને પ્રાદેશિક નેતાઓએ ડૉ. તોગડિયાનું સન્માન કર્યું હતું. કાર્યક્રમના ભાગરૂપે, ડૉ. તોગડિયા અને તેમની ટીમે તાજેતરમાં અવસાન પામેલા નીતિનભાઈ પંડ્યાના પરિવારની મુલાકાત લઈને સાંત્વના પાઠવી હતી. વધુમાં, સ્થાનિક વ્યવસાયિકો દ્વારા પણ ડૉ. તોગડિયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નાગેશ્રી ખાતે બાવકુભાઈ વાળાના નિવાસસ્થાને પણ સન્માન સમારોહ યોજાયો હતો. પ્રવાસનું સમાપન નાગેશ્રીમાં અમર હોટલ અને રેસ્ટોરન્ટ ખાતે થયું, જ્યાં ડૉ. તોગડિયાનું પરંપરાગત રીતે ઢોલ-શરણાઈ અને ઘોડા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

**મકાન ધરાશાયી થતા વૃધ્ધનું મૃત્યુ થયુ હતુ**

# ગોપાલગ્રામમાં વૃધ્ધના પરિવારજનોને રૂા.૧.૨૦ લાખ સહાય અર્પણ કરાઈ

અમરેલી,તા.૩૧



ધારીના ગોપાલગ્રામ ગામે થોડા દિવસો પહેલા મકાન ધરાશાયી થતા વૃધ્ધ ધીરૂભાઈ જેઠવાનું નિધન થયુ હતુ. આ બાબતે ધારાસભ્ય જે.વી.કાકડીયાએ જેઠવા પરિવારને મદદરૂપ થવા માટે અધિકારીઓને સૂચના આપતા સામાન્ય પરિવારને મદદરૂપ થવાના આશય સાથે તંત્ર દ્વારા રૂા.૧.૨૦ લાખ મંજૂર કરી સ્વ. ધીરૂભાઈ જેઠવાના પરિવારને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ તકે સરપંચ હરેશભાઈ વાળા, ગૌતમભાઈ વાળા, બાબભાઈ ગજેરા, પ્રતાપભાઈ વાળા સહિતના હાજર રહ્યાં હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની વિનંતીને વસંતભાઈ ગજેરા અને કાળુભાઈ ભંડેરીએ સ્વીકારી લીધી

# બાબરાના રાયપર ગામના રાદડીયા પરિવારની મદદે આવતા દાતાઓ

**ત્રણ દિકરીઓના અભ્યાસ તેમજ લગ્નની જવાબદારી સ્વીકારી**

અમરેલી,તા.૩૧

બાબરા તાલુકાના રાયપર ગામના વતની જયેશભાઈ રાદડીયા પોતાની પત્ની અને પુત્ર સાથે બહારગામ જતા હતા ત્યારે રસ્તામાં નદીના ધસમસતા પ્રવાહમાં તેમની કાર તણાઈ જતા ત્રણેયના મોત થયા હતા જો કે પરિવારમાં હવે માત્ર ત્રણ દિકરીઓ જ બચી હોય જેથી આ દિકરીઓના અભ્યાસ અને લગ્ન સુધીની જવાબદારી અમરેલી જિલ્લાના બે દાતાઓએ ઉપાડી સમાજને એક નવો રાહ ચિંધ્યો છે. રાયપર ગામના જયેશભાઈ રાદડીયા પત્ની અને પુત્ર સાથે સંબધીને ઘરે જઈ રહ્યાં હતા ત્યારે નદીમાં પાણીનો પ્રવાહ હોય કાર નદીમાં તણાઈ ગઈ હતી જેથી ત્રણેના ડૂબી જતા મોત નિપજ્યા હતા. મૃતક જયેશભાઈને ત્રણ દિકરીઓ હોય આ બાબતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ દિકરીઓના ભવિષ્યને લઈ ચિંતા વ્યકત કરતા



સમાજના આગેવાન અને દાતા વસંતભાઈ ગજેરા અને કાળુભાઈ ભંડેરીએ ધારાસભ્યની ચિંતા દૂર કરી હતી. બે દિકરીઓના ભણતર અને લગ્નની જવાબદારી વસંતભાઈ ગજેરા અને એક દિકરીના લગ્ન અને અભ્યાસની જવાબદારી કાળુભાઈ ભંડેરીએ ઉપાડી લીધી હતી. આમ, રાદડીયા પરિવાર પર આવી પડેલી આફતમાં ધારાસભ્ય અને દાતાઓ આગળ આવતા સમાજને એક નવો રાહ ચિંધ્યો છે. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સુરેશભાઈ દેસાઈ, અશોકભાઈ રાખોલીયા, મનુભાઈ દેસાઈ, પ્રવિણભાઈ કરકર, પ્રભાતભાઈ કોઠીવાળ, ભૂપેન્દ્રભાઈ બસીયા, કાળુભાઈ સુહાગીયા, મુકેશભાઈ ખોખરીયા નરેશભાઈ સાકરીયા, ગણપતભાઈ સેંજલીયા, ભરતભાઈ બુટાણી, હિંમત દેત્રોજા, જયસુખભાઈ મોણપરા, વિજયભાઈ દેસાઈ, બિપીનભાઈ રાદડીયા, શંભુભાઈ પાંચાણી, હિતેશભાઈ કલકાણી, મહેશભાઈ ભાયાણી સહિત મોટી સંખ્યામાં રાજકીય અને સામાજિક આગેવાનોએ રાદડીયા પરિવારને સાંત્વના પાઠવી હતી.

## બાબરાની કોર્ટમાંથી તલાટી-મંત્રીનો ગેરરીતિના કેસમાં નિર્દોષ છુટકારો

બાબરા,તા.૩૧

બાબરાની કોર્ટે ગેરરીતિના કેસમાં તલાટી કમ મંત્રીને છોડી મુકવાનો આજે ચુકાદો આપેલ હતો. કેસની વિગત મુજબ ૧૯૯૯-૨૦૦૦ના વર્ષમાં તલાટી કમ મંત્રીએ વિકાસના કામોમાં ગેરરીતિ આચરેલ હોય તેવા આક્ષેપ સાથે તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ દેવચંદભાઈ પ્રાગજીભાઈ સામે ફરિયાદ દાખલ કરેલ. જે મામલો કોર્ટમાં ચાલતો હતો. આરોપી વતી



સિનિયર એડવોકેટ આર.સી.દવેએ પોતાના અસીલના બચાવમાં ધારદાર દલીલો કરી હતી. જે અંતર્ગત આજ રોજ તલાટી કમ મંત્રી દેવચંદભાઈ પ્રાગજીભાઈને નિર્દોષ છોડી મુકવા કોર્ટે ચુકાદો આપ્યો હતો.

## સાવરકુંડલાની આહિર બોર્ડિંગમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલામાં આહિર બોર્ડિંગ ખાતે ૨૬ ઓગસ્ટે જન્માષ્ટમી નિમિત્તે શ્રી કૃષ્ણ ભગવાનના સુંદર શણગાર સાથે હિંડોળા દર્શન ખુલ્લા મુકવામાં આવેલ. આ અવસરે સમાજના ભાઈઓ અને બહેનો દ્વારા પરંપરાગત પોશાક, ભાતીગળ અને ધાર્મિક ફ્લોટ સાથે રાસનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત સમસ્ત જ્ઞાતિજનોએ સાથે સમૂહ ફરાળ કરેલ. રાત્રે ૧૦:૩૦ વાગે શ્રી કૃષ્ણ ભગવાનની આરતી, ભજન-કીર્તન, ધૂન, સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રી કૃષ્ણ ભગવાન વિશે અનોખી



જાણકારી વગેરેનું આયોજન કરવામાં આવેલ. કૃષ્ણ જન્મની ઉજવણી બાદ કૃષ્ણ સ્વરૂપ નાના બાળકો જે કૃષ્ણની વેશભૂષામાં આવેલ તેમને ટોપલામાં લઈ જઈ દહી-હાંડી સુધી પહોંચાડવામાં આવેલ. ત્યાં બાળકો અને યુવાનો દ્વારા મટકી ફોડ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહ સાથે થયેલ હતો. સહુને પંજરી અને માખણ મિસરીના પ્રસાદ વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમના સમૂહ ફરાળના દાતા સંજયભાઈ કાતરિયા (સમાજ પ્રમુખ-સાવરકુંડલા) તથા ધર્મેન્દ્રભાઈ કનાલા, ડેકોરેશન અને સમીયાણાના દાતા જયંતીભાઈ હડિયા (ખજાનચી-સાવરકુંડલા), ડીજેના દાતા નિલેશભાઈ તથા કિશનભાઈ યાદવ (સભ્ય- સાવરકુંડલા આહીર સમાજ સમિતિ), પ્રસાદીના દાતા ઘનશ્યામભાઈ કળસરિયા હતા.

## લોકસંત પૂ. મોરારીબાપુ તપોવન આશ્રમની મુલાકાતે

અમરેલી, તા.૩૧



પ્રખર રામાયણી લોકસંત પૂ. મોરારીબાપુએ આજરોજ સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત અમરેલીની ભાગોળે આવેલ સારહી તપોવન આશ્રમની આત્મીય મૂલાકાત લીધી હતી અને આત્મજનો સાથે મૂલાકાત કરીને સંસ્થાની સેવા પ્રવૃતિ અને સ્વચ્છતા નિહાળી હતી. પૂ. બાપુએ મુલાકાત બાદ સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સાથે વીડિયો કોલ દ્વારા વાત કરીને પોતાની પ્રસન્નતા વ્યકત કરી હતી, તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

## બોડીયા ચેકડેમમાંથી પાણી છોડવા ભેંસાણના સરપંચની રજૂઆત

**નિરાકરણ નહિ આવે તો ગ્રામજનોની જળ સમાધીની ચિમકી**

અમરેલી,તા.૩૧

લીલીયાના બોડીયા ગામમાં આવેલ ચેકડેમમાં વરસાદી પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચેકડેમમાં ૬થી ૭ ફૂટ પાણી ભરાયેલ હોવાથી ભેસાણ ગામના મહિલા સરપંચ અસ્મિતાબેન વિક્રમભાઈએ સિંચાઈ વિભાગને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, ચેકડેમમાં પાણી ભરાયેલ હોવાથી ૧૦૦૦ ખેતીની જમીનનો ગાડા માર્ગ બંધ થયેલ છે.

પાણી ભરાયેલ હોવાથી ખેડૂતો ખેતરે જઈ શકતા નથી. જેના લીધે ખેતી પાકને ભારે નુકસાન થવાની સંભાવના છે આ બાબતે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે.

આમ છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી આથી જો આગામી તા.૫ના રોજ આ સમસ્યાનુ નિરાકરણ નહી આવે તો ગ્રામજનો આ જળમાં જ જળસમાધી લેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.


ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં કુલ ૩ ગોડાઉન ભાડે આપવાના છે.
શીતલ આઈસ્કીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

CHANGE OF NAME
I Undersigned
MANJIBHAI NATHUBHAI KATHAROTIYA
have changed my name from MANJIBHAI NATHABHAI KATHAROTIYA To MANJIBHAI NATHUBHAI KATHAROTIYA From Now onwards I WILL BE KNOWN AS MANJIBHAI NATHUBHAI KATHAROTIYA
MANJIBHAI NATHUBHAI KATHAROTIYA
AT. Karjala Ta: Savarkundla, Di Amreli -364515

Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी, ओरेवा ई बाइक चलाओ मगर शान से!
SPECIAL OFFER
ALL PARTS AVAILABLE 100% Services
OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUCTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

શ્રાવણ માસ સ્પેશ્યલ ઓફર
કોઈપણ 925 સિલ્વર જ્વેલરી ઉપર મેળવો 30 % ડિસ્કાઉન્ટ
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા) અંકિત સોની: 99257 57581 / 92650 95977 ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
બ્રાન્ચ-૧ યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) હિરેન સોની: 94292 20847 / 8141207736 ચકકરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.
બ્રાન્ચ-૨ શ્રી યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) વિરેન સોની: 98246 28370 હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Appointment Now Mo.8160832025
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1299/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ એમેઝોન પાર્કની બાજુમાં અમરેલી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

# ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની રજૂઆતથી લાઠી-બાબરામાં રૂ. ૬૩ કરોડના ખર્ચે રોડ રિસર્ફેસના કામને સરકારની મંજૂરી

લાઠી, તા.૩૧

લાઠી-બાબરાના જાગૃત અને કર્મનિષ્ઠ લોક પ્રતિનિધિ જનકભાઈ તળાવીયાએ પોતાના મત વિસ્તારના રોડ રસ્તાઓ તાત્કાલિક રિસરફેસ થાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરેલ, જે અન્વયે ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૬૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. આ રકમમાંથી લાઠી તાલુકાના ચાવંડ-લાઠીથી અમરેલી રોડ રીસર્ફેસિંગ માટે રૂ. ૧૨ કરોડ, ઢસા-દામનગરથી ગારિયાધાર રોડ રીસર્ફેસિંગ માટે રૂ. ૮ કરોડ તેમજ બાબરા તાલુકાના બાબરા વાસાવડ રોડ રિસર્ફેસિંગ માટે રૂ. ૧૪ કરોડ, બાબરા -દરેડ- જામબરવાળા-નાનીકુંડળ રોડ રીસર્ફેસિંગ માટે રૂ. ૧૨ કરોડ તેમજ ટોડા - જરખિયા-અડતાલા-શેડુભાર



રોડ માટે રૂ. ૧૭ કરોડ એમ કુલ રૂ.૬૩ કરોડ ફાળવવામાં આવેલ છે. આ તમામ રસ્તાના રિસર્ફેસિંગનું કામ મંજુર થતા ટૂંક સમયમાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા આગળની કામગીરી હાથ ધરાશે અને ખૂબ જ ટૂંકાગાળામાં કામગીરી શરૂ કરાશે. રસ્તાના નવીનીકરણનું કામ સંપન્ન થતાં આ વિસ્તારની પ્રજા તેમજ અન્ય પ્રવાસીઓની સુખાકારીમાં વધારો થશે અને લોકોને પડતી હાલાકીમાંથી મુક્તિ મળશે એમ જનકભાઈ તળાવીયાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# પીપળવા (સરકારી) ગામમાં નવનિર્મિત હોસ્પિટલનું લોકાર્પણ

લાઠી, તા.૩૧

લાઠી તાલુકાના પીપળવા (સરકારી) ગામમાં એક મહત્વપૂર્ણ ઘટના બની છે. ગામના વતની અને દાતા મનુભાઈ હરદાસભાઈ ઠુમ્મર દ્વારા સ્વખર્ચે નિર્માણ કરાયેલ સુંદર હોસ્પિટલને સરકારને સોંપવામાં આવી છે. આ આરોગ્ય મંદિર ગામ અને આસપાસના વિસ્તારોના લોકોને સેવાનો લાભ આપશે. તારીખ



૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારે પીપળવા મુકામે આ નવનિર્મિત હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સંસદસભ્ય ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, આરોગ્ય ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, લાઠી સ્ટેશનના પીએસઆઈ બવાડિયા, અમરીશભાઈ ડેર, બી.એલ. રાજપરા અને ઘનશ્યામભાઈ વિરાણી સામેલ હતા. આ અવસર પર ગ્રામજનોએ ઠુમ્મર પરિવારનું સન્માન કર્યું હતું. આ પરિવારે ગામને અનેક રીતે મદદ કરી છે અને જ્યારે જરૂર પડી ત્યારે હંમેશા આગળ આવીને સહાય કરી છે. આથી ગામના લોકોએ હરેશભાઈ ઠુમ્મર અને તેમના પરિવારનો આભાર માન્યો અને તેમનું વિશેષ સન્માન કર્યું.

# જન્માષ્ટમી પર્વે ડો. પ્રવીણ તોગડીયા દ્વારા ગૌવંશના સ્પેશિયલ પી. પી. ચંદ્રેશભાઈ મહેતાનું સન્માન

અમરેલી, તા.૩૧

જન્માષ્ટમીના પાવન પર્વના દિવસે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમજ સીનીયર સીટીઝન પાર્ક ખાતે નંદ ઉત્સવ ઉજવાયો હતો. આ તકે આંતરરાષ્ટ્રિય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવીણભાઈ તોગડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ નિમિત્તે ગૌવંશના અમરેલી જિલ્લાના સ્પેશિયલ સરકારી વકીલ ચંદ્રેશભાઈ મહેતાની ખૂબ જ સારી કામગીરી તેમજ ગૌવંશની કતલ કરનાર અપરાધીઓને દાખલારૂપી સખત સજા અપાવવા બદલ તેમજ મૂંગા પ્રાણીઓની વેદનાને વાચા અપાવીને ન્યાય અપાવવા બદલ ડો. પ્રવીણભાઈ તોગડિયા દ્વારા તેમનું ખાસ સન્માન કરવામાં આવેલ હતું. આ તકે પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડૉ. ગજેરા સાહેબ તથા પરિષદનાં રાષ્ટ્રીય મહામંત્રી તેમજ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, અમરેલી જિલ્લા ટીમના મજબુતભાઈ બસિયા, સુરેશભાઈ સોલંકી, દિલીપભાઈ બામટા, એડવોકેટ દદુભાઈ ખાચર, જીલુભાઈ વાળા, કેતનભાઈ ઉકાણી તથા ડો. દેશાણી તથા મનસુખભાઈ રૈયાણી તથા તેમની ટીમએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

**સોનિક ફાઉન્ડેશને સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ ૧૦૦૦ વૃક્ષોનું રોપણ કર્યું હતું**

# સાવરકુંડલાના સોનિક ફાઉન્ડેશનની સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લેતા મુખ્યમંત્રી

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલા શહેરના સોનિક ફાઉન્ડેશનની સેવાકીય પ્રવૃત્તિઓને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશેષ નોંધ લીધી છે. ફાઉન્ડેશનના સ્થાપક પરેશભાઈ અને તેમની ટીમે તાજેતરમાં હાથ ધરેલા વિવિધ સામાજિક કાર્યો, ખાસ કરીને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત કરવામાં આવેલા વૃક્ષારોપણ કાર્યક્રમની સફળતાને બિરદાવી છે.

મુખ્યમંત્રીએ સોનિક ફાઉન્ડેશનને મોકલેલા પત્રમાં જણાવ્યું કે, "વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે આપવામાં આવેલા 'એક પેડ મા કે નામ' સૂત્રને સાકાર કરવામાં સાવરકુંડલાના



નાગરિકોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે." સોનિક ફાઉન્ડેશને સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ ૧૦૦૦ વૃક્ષોનું રોપણ કર્યું હતું. આ પ્રયાસને બિરદાવતા મુખ્યમંત્રીએ ફાઉન્ડેશનની સમગ્ર ટીમ અને સાવરકુંડલાના પર્યાવરણપ્રેમી નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પત્ર બાદ સોનિક ફાઉન્ડેશનને સમાજના વિવિધ વર્ગો તરફથી શુભેચ્છાઓનો ધોધ વહ્યો છે.

# પોક્સોના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

વડિયા,તા.૩૧

વડિયા પોલીસ સ્ટેશનમાં આરોપી જગદિશભાઈ પ્રેમજીભાઈ શેખવા સામે સ્પેશિયલ પોક્સો કેસ નંબર ૪-૧૮થી ગુનો દાખલ થયેલ હતો. આ કેસ અમરેલીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતા ૩૦ ઓગસ્ટના રોજ સ્પેશિયલ પોક્સો જજ શ્રી શ્રીવાસ્તવ દ્વારા આરોપીને નિર્દોષ છોડવાનો હુકમ કરાયો હતો. આરોપી તર્ફે એડવોકેટ અશ્વીન સિંહ ગોહીલ તથા જગદીશ બી. ખુમાણની દલીલો માન્ય રહી હતી.

# સા.કુંડલામાં બે સોસાયટી ને જોડતા પુલનું કામ શરૂ

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચનાથી સાવરકુંડલા નગરપાલિકા વોર્ડ નં. ૩માં આવેલા ઘનશ્યામનગર અને શ્રમજીવીનગરને જોડતા પુલનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવેલ છે. આ અંગે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ અને નગરપાલિકા સદસ્ય હંસાબેન કમલેશભાઈ



રાનેરાએ રજૂઆત કરેલ કે આ પુલ ઉપરથી સ્કૂલે જવા બાળકોને એક જ રસ્તો છે. આ પુલ શરૂ થશે તો શ્રીનિવિદ્યા સ્કૂલ તથા શ્રમજીવીનગરના લોકોને જેસર રોડ ઉપર જવા માટે ઘણી સરળતા થશે. આ પુલનું કામ શરૂ થતાં આ વિસ્તારના કાર્યકર્તા રમેશભાઈ નાકરાણી, ભરતભાઈ વાઘેલા, ઘનશ્યામભાઈ લુહાર, ચતુરભાઈ બારૈયા તેમજ ભાજપ કાર્યકર્તાઓમાં ખુશીની લાગણી પ્રસરી હતી.

# બોગસ માર્કશીટના આધારે પાસપોર્ટ બનાવવા જતાં રાજુલાની યુવતી ઝડપાઈ

રાજુલા,, તા.૩૧

રાજુલાની એક યુવતીએ પાસપોર્ટ બનાવવા માટે બોગસ માર્કશીટ બનાવી હતી. જોકે ખોટી માર્કશીટના આધારે પાસપોર્ટ બને તે પહેલા જ ભેદ ખૂલી ગયો હતો. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જેજે વાળાએ મૂળ રાજુલાની અને હાલ અમરેલી સુખનાથપરામાં રહેતી માધવીબેન શીવમભાઈ ગોસાઈ તથા રાજુલામાં રહેતા રીઝવાનભાઈ અબ્દુલરઝાકભાઈ લક્ષ્ઢા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, રીઝવાનભાઈ લક્ષ્ઢાએ તેમના પરફેક્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી નામના કલાસીસમાંથી કેરાલા બોર્ડ ઓફ એક્ઝામીનેશન નામની વેબસાઈટ ઉપર કોઈ માર્કશીટ બનતી ન હોવાનું જાણવા છતા આરોપી માધવીબેનના નામની ધોરણ-૧૨ ની KERALA BOARD OF PUBLIC EXAMINATIONS ની બનાવટી માર્કશીટ બનાવી આપી તેનો પાસપોર્ટ મેળવવા માટે રીજીયોનલ પાસપોર્ટ ઓફીસ અમદાવાદ ખાતે ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. બોગસ માર્કશીટનો ખરા તરીકે ઉપયોગ કરવા બદલ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.


## -//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૨૮/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી ઘનશ્યામભાઈ ઉકાભાઈ કીકાણી
રે. જાત્રોડા, તા.લીલીયા, જી. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી એસ.પી.ભડકોલીયા
'વિરામ' લાઠી રોડ, લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી
મો. ૯૮૯૮૩૧૩૮૯૪

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી -વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જાત્રોડા, તા. લીલીયા, જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાનાજાત્રોડાગામનારહીશશ્રીઘનશ્યામભાઈઉકાભાઈકિકાણીએતેમનાપુત્રનોજન્મજાત્રોડામુકામે તા.૨૫/૦૩/૧૯૮૪ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ઘનશ્યામભાઈ ઉકાભાઈ કિકાણીના પુત્ર શ્રી ભરતભાઈ ઘનશ્યામભાઈ કિકાણી ના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૪ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૩/૦૯/૨૦૨૪ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા


# કે. કે પારેખ કોમર્સ કોલેજમાં સોમવારે ICICI બેંક દ્વારા ભરતી મેળો યોજાશે

**કોઈપણ વિદ્યાશાખાના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે**

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ-અમરેલી ખાતે ૨ સપ્ટેમ્બરને સોમવારના રોજ **ICICI** બેંક દ્વારા રીલેશનશિપ મેનેજરની પોસ્ટ માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ ભરતી મેળામાં કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક/અનુસ્નાતક ઉમેદવારો ઈન્ટરવ્યૂ આપી શકે છે. લાયકાત ધરાવતા તેમજ ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સોમવાર ૨ સપ્ટેમ્બરે, સવારે ૧૦.૦૦ કલાકે કે. કે. પારેખ કોમર્સ કોલેજ, લાઠી રોડ-અમરેલી ખાતે અભ્યાસને લગતા તમામ આધાર પુરાવાઓ તથા બાયોડેટાની નકલ સાથે ઉપસ્થિત રહેવા આઈ.ક્યુ.એ.સી.ના કો-ઓર્ડિનેટર પ્રા. ભારતીબેન ફીણવિયાએ જણાવ્યું છે.


## શ્રી લુંધીયા પ્રાથમિક શાળા, લુંધીયા તા. બગસરા, જિ. અમરેલી

**જાહેર હરરાજી**

શ્રી લુંધીયા પ્રાથમિક શાળા, લુંધીયા તા. બગસરા જિ.અમરેલીનાં ૦૫(પાંચ) જર્જરિત રૂમ જેમાંથી બે નળીયાવાળા અને (૩) રૂમ સ્લેબવાળા ઓરડાઓના ઉભા ઈમલાની જાહેર હરરાજી તા.૧૩/૦૯/૨૦૨૪ ને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકથી લુંધીયા પ્રાથમિક શાળા લુંધીયા તા. બગસરા જિ. અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા વ્યકિત કે પાર્ટીએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. ૦૫(પાંચ) જર્જરીત રૂમ જેમાંથી બે નળીયાવાળા અને ત્રણ(૩) સ્લેબવાળા ઓરડાની અપસેટ કિંમત રૂા. ૭૫૦૦૦/-(અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા) છે. માલસામાન લઈ જઈ તળીયું સાફ, સમથળ કરી આપવાનું રહેશે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા.૨૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) ભરવાની રહેશે. હરરાજીની શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે રૂબરૂ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્ય
શ્રી લુંધીયા પ્રા.શાળા
તા. બગસરા, જિ. અમરેલી

અધ્યક્ષ
એસ.એમ.સી.
શ્રી લુંધીયા પ્રા.શાળા


# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળીસુકી | ૩૦૦ | ૯૦૦ |
| ટમેટા | ૨૫૦ | ૫૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મુળા | ૩૮૦ | ૫૬૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૫૦ | ૧૧૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૭૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૧૦૦ | ૨૫૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૪૦૦ |
| પરવળ | ૬૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| કંટોલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૧૫૦ | ૩૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૨૦૨ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૪૫૯ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૩૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૫૧૦ |
| તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૩૩૦૦ |
| બાજરો | ૩૫૦ | ૪૮૨ |
| જુવાર | ૩૮૫ | ૮૬૬ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૭ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૧ |
| મગ | ૧૪૬૦ | ૧૫૧૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૯૫૬ | ૧૯૫૬ |
| કપાસ | ૯૭૫ | ૧૫૮૩ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૪૦ |
| જીરું | ૪૦૬૦ | ૪૪૯૦ |
| ધાણા | ૯૯૫ | ૧૨૦૦ |
| મેથી | ૭૯૦ | ૧૧૧૧ |
| સોયાબીન | ૬૪૫ | ૮૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૫૧૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૪૫૦ | ૬૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ગાજર | ૪૫૦ | ૫૫૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કરેલા | ૨૦૦ | ૩૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલાં | ૨૫૦ | ૩૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૫૦ |
| આદુ | ૧૦૫૦ | ૧૧૩૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ફુદીનો | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-જીણી | ૧૦૩૦ | ૧૧૩૧ |
| શીંગ-મોટી | ૧૦૫૦ | ૧૧૬૧ |
| શીંગ દાણા | --- | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૩૫ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૭૧૮ |
| કપાસ | ૧૩૫૭ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૩ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૯૬ |
| બાજરો | ૪૧૬ | ૪૬૫ |
| જુવાર | ૭૫૦ | --- |
| મગ | ૧૪૩૦ | ૧૫૮૬ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૬૨ |
| મેથી | ૧૦૨૨ | --- |
| ધાણા | ૧૧૦૦ | --- |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૭૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૨ |
| **ખાંભા** | | |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૯૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૮૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૦ |
| ચણા | ૧૪૦૫ | ૧૪૭૩ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૦ |
| તલ પીળા | ૨૯૫૧ | ૨૯૫૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| બાજરો | ૪૯૦ | ૫૧૬ |
| ઘઉ ટુકડા | ૪૭૧ | ૫૮૦ |
| જુવાર | ૪૬૮ | ૭૧૫ |
| મગ | ૧૫૨૫ | ૧૫૬૧ |
| ચણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૪૮ |
| જુવાર | ૪૯૫ | ૮૬૪ |
| બાજરી | ૪૨૦ | ૫૩૦ |
| ઘંઉ ટુકડા | ૪૬૪ | ૬૩૦ |
| મકાઈ | ૪૫૨ | ૪૫૨ |
| મગ | ૬૫૦ | ૨૭૦૦ |
| સુવાદાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| સોયાબીન | ૮૦૬ | ૮૦૯ |
| ચણા | ૧૧૭૮ | ૧૫૪૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૮૪ |
| તલ કાળા | ૬૦૦ | ૩૦૦૧ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| લસણ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૬૭૫ |
| ડુંગળી સફેદ | ૧૭૩ | ૩૫૬ |
| નાળીયેર | ૨૭૧ | ૧૮૨૯ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૨૨૩ |
| મગફળી ૩૨ નં. | ૧૦૦૦ | ૧૧૬૬ |
| બાજરી | ૪૬૦ | ૫૨૪ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૮ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૪૦ |
| કાળા તલ | ૨૫૫૦ | ૩૩૪૮ |
| સોયાબીન | ૮૨૫ | ૮૭૪ |
| જુવાર | ૬૨૫ | ૭૬૪ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૬૦ |
| મગ | ૧૩૭૦ | ૧૬૧૫ |
| ચણા (છોલે) | ૧૨૦૦ | ૧૪૧૪ |

# બાંગ્લાદેશ પછી ભારત: અમેરિકાના રાજદ્વારીઓના ઉધામા

**વિચાર વલોણું**


જયવંત પંડ્યા

દેશમાં એવું લાગી રહ્યું છે કે રાહુલ ગાંધી વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે પોતાનું ધાર્યું કરાવી રહ્યા છે. 'પરીક્ષા વિના ભરતી' (લેટરલ એન્ટ્રી)ના કેન્દ્ર સરકારના નિર્ણય અંગે રાહુલ ગાંધીએ વિરોધ કર્યો અને તે નિર્ણયને મોદીજીએ પાછો ખેંચ્યો. તે પછી ભાજપના સમર્થકો પણ આવું કહેવા લાગ્યા છે. ભાજપના સમર્થકોને એવું લાગી રહ્યું છે કે ત્રીજી અવધિમાં મોદીજી ઢીલા પડી રહ્યા છે. દેશની અંદરનું ચિત્ર જોઈએ તો એવું લાગવાની પૂરી શક્યતા છે. પરંતુ આને આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં જોઈએ તો લાગશે કે મોદીજી અત્યારે કેમ ઢીલા દેખાઈ રહ્યા છે? ચૂંટણીનાં પરિણામના આગલા દિવસે જે રીતે રાષ્ટ્રીય જનતા દળ, સમાજવાદી પક્ષ અને સ્વયં કૉંગ્રેસના નેતા જયરામ રમેશે કલેક્ટરોને, ચૂંટણી પંચને હત્યાની કે પછી અન્ય રીતે ધમકી આપી હતી તે જોતાં જો ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હોત અને એનડીએને ૪૦૦ કરતાં વધુ બેઠકો મળી હોત તો દેશમાં હિંસાની પૂરી શક્યતા હતી. અમેરિકામાં પણ લેફ્ટ-લિબરલો (કમલા હેરિસ વાંચો) એ જ રાગ આલાપી રહ્યા છે જે ભારતની લોકસભાની ચૂંટણી દરમિયાન કૉંગ્રેસ વગેરે ઈણ્ડિ ગઠબંધનના પક્ષો આલાપી રહ્યા હતા. જો ડૉનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી જીતશે તો આ છેલ્લી ચૂંટણી હશે. ટ્રમ્પ સરમુખત્યારશાહી લાવી દેશે. લોકસભાની ચૂંટણી દરમિયાન રાહુલ ગાંધી અચાનક જાતિવાદી રાજકારણ રમવા લાગ્યા હતા તેમ કમલા હૈરિસ તેમના માતાના ભારતીય (હિન્દુ) મૂળ કરતાં પોતાને અશ્વેત વધારે દેખાડી રહ્યા છે. આ જ વાત બાંગ્લાદેશની ચૂંટણીમાં પણ લાગુ પડી હતી. અમેરિકામાં લેફ્ટ-લિબરલ બાઈડેનની સરકાર છે. અને ભારતને નબળું પાડવું હોય તો ભારતના પડોશીઓને મજબૂત બનાવવા પડે, ત્યાં ભારત વિરોધી સરકાર લાવવી પડે. આનું કારણ એ કે વડાપ્રધાન મોદીએ કોરોના કાળ પછી ભારતને અનેક રીતે મજબૂત અને અમેરિકાની દાદાગીરી સદા માટે દૂર થાય તેવાં પગલાં ઉઠાવ્યાં. કોરોના કાળમાં અમેરિકાની ફાર્મા લૉબીની રસી માટે વિપક્ષોએ દબાણ કર્યું તો પણ (અને ભારતમાં જો થયાં તે કરતાં વધુ મૃત્યુ થયાં હોત તો મોદીના માથે કાળી ટીલી લાગી જવાનો ભય હતો તો પણ) મોદીજીએ સ્વદેશી રસીનો આગ્રહ રાખ્યો. પરિણામે ભારતના જ નહીં, વિદેશના લોકોના પણ જીવ બચાવી શકાયા. યુક્રેઇન-રશિયા મુદ્દે ભારતે અમેરિકાના પીઠ્ઠુ બનવા કરતાં અલગ વલણ લીધું અને રશિયા પાસેથી કાચું તેલ (ક્રુડ) ખરીદવાનું ચાલુ રાખ્યું. એટલું જ નહીં, યુરોપના દેશો પણ અમેરિકાની શેહમાં સીધા રશિયા પાસેથી ખરીદી શકે નહીં, તેથી ભારત પાસેથી લેવા લાગ્યા. રશિયા પાસેથી ખરીદીમાં ભારતે ડૉલરને બાયપાસ કરી દીધો. યુએઇ, પેરિસના એફિલ ટાવર, શ્રીલંકા વગેરે દેશોમાં યુપીઆઈના કારણે લેવડદેવડમાં પણ ડૉલરનું અસ્તિત્વ પૂરું કરી દીધું. શસ્ત્રોની રીતે ભારત મજબૂત થયું, એટલું જ નહીં, વિયેતનામ, ફિલિપાઈન્સ વગેરે દેશોમાં નિકાસ કરવા લાગ્યું. એટલે અમેરિકાની ફાર્મા અને આર્મ્સ લૉબી બંનેને આ બાબતો ખટકે તે સ્વાભાવિક છે. અમેરિકાના ઉદ્યોગપતિ જ્યૉર્જ સોરોસ જે મૂળ યહૂદી છે પરંતુ વિચારસરણીની રીતે લેફ્ટ-લિબરલ છે, તેઓ પણ નરેન્દ્ર મોદી સરકાર વિરુદ્ધ જાહેરમાં નિવેદનો કરી ચૂક્યાં છે અને તેમનાં દાન જે એનજીઓને મળે છે તેની આખી કડી કૉંગ્રેસ સાથે જોડાતી હોવાના પુરાવા ટ્વિટર પર વિજય પટેલ (વિજય ગજેરા) આપી ચૂક્યા છે. એટલે મોદીને નબળા પાડવા ૧. તેમને ચૂંટણીમાં હરાવવા પડે. ૨. ભારતને સળગતું રાખવા ભારતના પડોશી દેશોમાં ભારત વિરોધી સરકારો લાવવી પડે. ૩. તે માટે ભારતના પડોશી દેશોમાં વિદ્રોહ કરાવવો પડે. વર્તમાન ચૂંટણીમાં ડૉનાલ્ડ ટ્રમ્પ પર જીવલેણ હુમલો થયો હતો. આ હુમલા પછી ભળતી હૅડલાઈનવાળા રિપૉર્ટ સર્ચમાં બતાવવા માટે ટ્રમ્પ ગુગલ પર આકરા પાણીએ છે. ભારતમાં પણ સમાચાર અંગે સર્ચ કરાતા, ગુગલ માત્ર લેફ્ટ-લિબરલ મીડિયા 'ધ હિન્દુ', 'પ્રિન્ટ', (અગાઉ જ્યારે પ્રણય રોયના હાથમાં હતું ત્યારે) 'એનડીટીવી', 'ધ વાયર' વગેરેના જ સમાચાર સર્ચમાં બતાવતું હતું. ગુગલમાં ૨૦૧૪ પહેલાં જે કૉંગ્રેસ વિરોધી સમાચારો કે લેખો જોવા મળતા હતા તેને હટાવી દેવાયા છે. એટલે અમેરિકાની ચૂંટણીમાં પણ લેફ્ટ-લિબરલો અને રૂઢિવાદીઓ વચ્ચે આકરી લડાઈ છે. ટ્રમ્પનો સામનો પણ મોદીની જેમ ડીપ સ્ટેટ સાથે થઈ રહ્યો છે. એટલે આપણે મોદીને નબળા પાડવાની વાત પર આવીએ તો, બાઈડેન સરકાર આવ્યા પછી શ્રીલંકામાં બળવો થયો છે. નેપાળમાં વારંવાર સત્તાપરિવર્તન થયું છે. બાંગ્લાદેશમાં પણ બળવો થયો. પાકિસ્તાનમાં ઈમરાન ખાનને જેલમાં પૂરી દેવામાં આવ્યા. ઈમરાન ખાન કંઈ ભારત તરફી નહોતા, અને શાહબાઝ શરીફ પણ નહીં હોય. શ્રીલંકાની ઢબે જ બાંગ્લાદેશમાં બળવો થયો. શ્રીલંકામાં જે રીતે રાષ્ટ્રપ્રમુખના નિવાસમાં જનતા ઘૂસી ગઈ, જે રીતની તસવીરો ખેંચાવી, વીડિયો ઉતાર્યા તે જ રીતે બાંગ્લાદેશમાં પણ કર્યું. આ બધી ઢબ અમેરિકાની છે. અમેરિકાને આરબ દેશોમાં વિદ્રોહ કરાવવો હતો ત્યારે એક જ ઢબ તે અનુસર્યું હતું. અને વિદ્રોહ થાય ત્યારે તેનો ચેપ અનેક દેશોમાં પ્રસરતો હોય છે. શ્રીલંકામાં વિદ્રોહ પછી ભારતમાં વિપક્ષો કહેવા લાગ્યા હતા કે વધુ પડતો રાષ્ટ્રવાદ નુકસાન કરે છે. બાંગ્લાદેશમાં વિદ્રોહ પછી પણ ભારતમાં સલમાન ખુર્શીદ સહિતના વિપક્ષના નેતાઓ ભારતમાં બાંગ્લાદેશવાળી થશે તેમ કહેવા લાગ્યા. થોડા દિવસ પહેલાં ખેડૂત નેતા રાકેશ ટિકૈતે તો કહ્યું કે ૨૦૨૧માં ટ્રેક્ટર રેલી કાઢીને લાલ કિલ્લા તરફ ગયા (અને ત્યાં ખાલિસ્તાની ઝંડો પણ ફરકાવવામાં આવ્યો) તે કરતાં સંસદ તરફ ગયા હોત તો બાંગ્લાદેશવાળી થઈ ગઈ હોત (અર્થાત્ મોદી સરકાર ઉથલી ગઈ



હોત.) પંજાબ અને હરિયાણાની શંભુ સીમાએ ખેડૂતો છે અને સર્વોચ્ચ ન્યાયાલયે ૧૨ ઑગસ્ટે પંજાબ (ની આઆપ) સરકારને શંભુ સીમાએથી ખેડૂતોને દૂર કરવા આદેશ આપ્યો છે. એટલે કે ભારતમાં બાંગ્લાદેશવાળી કરવા માટે પૂરી રીતે મરીમસાલો છે. ચૂંટણી પહેલાં જે કૉંગ્રેસ પોતાની પાસે નાણાં ન હોવાનું કહેતી હતી, તેનાં ખાતાં ફ્રીજ થઈ ગયા હોવાનું રોદણું રોતી હતી તે તેલંગાણામાં બીઆરએસના ધારાસભ્યોને કઈ રીતે તોડીને પોતાના પક્ષમાં લાવી રહી છે? રાહુલ ગાંધીની ન્યાયયાત્રા માટેનું ધન ક્યાંથી આવ્યું? તે પ્રશ્ન કોઈ પૂછી રહ્યું નથી. કઈ રીતે પરસ્પર વિરોધી પક્ષો સાથે આવ્યા અને ઈણ્ડિ ગઠબંધન રચ્યું? બાંગ્લાદેશમાં શૈખ હસીના સરકારને ઉથલાવવા અમેરિકાના પ્રયાસો અંગે રશિયાએ છેક ગત નવેમ્બર ૨૦૨૩માં જ ચેતવણી આપી હતી. પરંતુ શૈખ હસીના તેમની વિરુદ્ધ વિદ્યાર્થીઓના આંદોલનોને સંભાળવામાં ઉણા સાબિત થયા. તેમણે કડક હાથે કામ લીધું. મોદીજીએ જે રીતે ખેડૂતોના આંદોલનની સામે પોલીસના દંડાનો ઉપયોગ નહોતો કર્યો (ખાસ તો લાલ કિલ્લાવાળી ઘટના વખતે) તેવું શૈખ હસીના ન કરી શક્યા. પરિણામે હસીના વિરુદ્ધ બળવો સફળ થયો. આ બળવા પાછળ અમેરિકાના રાજદ્વારીએ કેવી રીતે કામ કર્યું હતું અને ભારતમાં કેવી રીતે પ્રયત્નો કરી રહ્યા છે તે જોવા જેવું છે. અમેરિકામાં બાઈડેન સરકાર આવ્યા પછી બાંગ્લાદેશમાં ૨૦૨૨માં પીટર ડી. હાસની નિમણૂંક અમેરિકાના રાજદૂત તરીકે થઈ. શરૂઆતમાં તો તેમણે ચીલાચાલુ કામ કર્યું, પરંતુ ડિસેમ્બર ૨૦૨૨થી તેમણે બાંગ્લાદેશની આંતરિક બાબતોમાં માથું મારવાનું શરૂ કરી દીધું. ૧૪ ડિસેમ્બર ૨૦૨૨એ તેઓ બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી)ના અદૃશ્ય નેતા સજીદુલ ઈસ્લામ સમનના ઘરે ગયા. ૨૦૨૩માં પણ તેમણે બીએનપીના નેતાઓ સાથે અનેક બેઠકો કરી. તેમણે જમાત-એ-ઈસ્લામ, જેની ચૂંટણી પંચમાં નોંધણી રદ્દ કરાઈ હતી, તેના નેતાઓ સાથે પણ બેઠકો કરી. (બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી હિંસામાં જમાત-એ-ઈસ્લામ સામે આંગળી ચીંધાઈ રહી છે.) આ બધું બાંગ્લાદેશની સમાચાર ચેનલ 'સોમોય ન્યૂઝ' (સમય ન્યૂઝ)ની વેબસાઈટ પર પ્રાપ્ય છે.

'સોમોય ન્યૂઝ' કહે છે કે પીટર ડી. હાસ રાજદૂત કરતાં વધુ એક્ટિવિસ્ટ તરીકે વર્તી રહ્યા હતા. ૨૮ ઑક્ટોબરે ઢાકામાં બીએનપીની સભા પછી અભૂતપૂર્વ હિંસા થઈ. પીટર ડી. હાસનું કામ પૂરું થઈ ગયું હતું. તે પછી તેઓ ચૂપચાપ ત્યાંથી શ્રીલંકા ચાલ્યા ગયા અને ત્યાંથી અમેરિકા. બાંગ્લાદેશની થિંક ટૅંક ગણાતી અને અમેરિકાની લાભાર્થી સેન્ટર ફૉર ગવર્નન્સ સ્ટડિઝ (સીજીએસ)એ કેટલીક એનજીઓ સાથે મળીને હાસની યોજના અમલમાં મૂકવાનું કામ કર્યું. યાદ રહે કે અમેરિકા ચીનના પ્રતિકાર માટે ભારતનો ઉપયોગ કરવા તો માગતું હતું પરંતુ સાથોસાથ ભારત મજબૂત ન રહે તે માટે બાંગ્લાદેશના સેન્ટ માર્ટીન ટાપુ અને ઈશાન ભારતનાં કેટલાંક રાજ્યોને જોડીને એક ખ્રિસ્તી દેશ બનાવવા પણ તેના મલીન આશય હતા. મણિપુરમાં ખ્રિસ્તી સમુદાય કૂકી દ્વારા મૈતેઈ સામે હિંસા આ જ સંદર્ભમાં હતી. મૈતેઈઓએ જે રીતે તેનો ઉત્તર (બળાત્કાર) દ્વારા આપ્યો તેના લીધે વાત મૈતેઇ વિરુદ્ધ જતી રહી. હવે ભારતમાં પણ છેલ્લા કેટલાક દિવસોમાં અમેરિકાના રાજદ્વારી ડૉનાલ્ડ લુ જે-જે રાજકારણીઓને મળ્યા તે પેટર્ન બાંગ્લાદેશવાળી જ છે. ભારતના સેક્યુલરો ભલે અખંડ ભારતની વાતોની મજાક ઉડાવતા હોય પરંતુ અમેરિકા માટે તો ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, પાકિસ્તાન એક જ છે. (અમેરિકા મૂળ બ્રિટિશરોના કબજામાં રહેલું છે અને મૂળ બ્રિટિશરો હજુ પણ ભારતને પોતાનું દાસ માને છે. એટલે જ ૧૯૪૭ પછી બ્રિટન અને અમેરિકાએ ભારતને અસ્થિર રાખવાના દરેક શક્ય પ્રયાસો કર્યા.) એટલે તેણે આ ચાર દેશો માટે બ્યુરો ઑફ સાઉથ ઍન્ડ સેન્ટ્રલ એશિયન અફૅર્સ બનાવી. અમેરિકાને ખબર છે કે ભારતીય ઉપખંડ જો મજબૂત બની ગયો તો તેના દિવસો પૂરા થઈ જશે. આ બ્યુરોના વડા ડૉનાલ્ડ લુ છે. તેઓ અમેરિકાના ઉપ વિદેશ પ્રધાન પણ છે. તેઓ ડૉનાલ્ડ લુએ પણ પીટર ડી. હાસની જેમ બાંગ્લાદેશમાં શૈખ હસીના સરકારને ઉથલાવવામાં ભૂમિકા ભજવી હતી. શૈખ હસીના સામે અંતિમ રીતે (જૂન ૨૦૨૪માં) બળવો થયો તે પહેલાં મેમાં ડૉનાલ્ડ લુ બાંગ્લાદેશ ગયા હતા. ત્યાં તેઓ સરકારી અધિકારીઓ, નાગરિક સમાજના નેતાઓ અને અન્ય બાંગ્લાદેશીઓને મળ્યા હતા. ઈમરાન ખાને પણ ડૉનાલ્ડ લુ પર પાકિસ્તાનના રાજકારણમાં હસ્તક્ષેપ કરવાનો આક્ષેપ કર્યો હતો. ઈમરાન ખાન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં ડૉનાલ્ડ લુની ભૂમિકા હતી તેમ ઈમરાન ખાનનું કહેવું છે. આવા પ્રસ્તાવમાં સાંસદોને નાણાં પૂરાં પાડવામાં આવે છે, જેથી તેઓ સરકારને ઉથલાવી શકે.

યુક્રેઈન-રશિયા યુદ્ધમાં ઈમરાન ખાને પાકિસ્તાનની ભૂમિકા ભારતની જેમ તટસ્થ રાખી હતી. ડૉનાલ્ડ લુએ ૨૦૨૨માં જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવા આગ્રહ કર્યો હતો! છેલ્લા કેટલાક મહિનાઓમાં અમેરિકાના રાજદ્વારીઓ ઓમર અબ્દુલ્લા, એમ.કે. સ્ટાલિન, આદિત્ય ઠાકરે, અસદુદ્દીન ઓવૈસીને મળ્યા છે. આ બધામાં સ્વાભાવિક છે કે વડાપ્રધાન મોદી બહુ ફૂંકી-ફૂંકીને ચાલી રહ્યા છે. રાજનાથસિંહ ગત ૧૮ ઑગસ્ટે ચેન્નાઈમાં કરુણાનીધિની સ્મૃતિમાં રૂ. ૧૦૦નો સિક્કો ઉદઘાટિત કરવા ગયા હતા. જમ્મુ-કાશ્મીરમાં હિન્દુઓની હત્યા તેમજ સેના પર આક્રમણો થતાં હોવા છતાંચૂંટણી યોજાવા જાહેરાત થઈ છે. ૫. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે બધાં કારણોહોવા છતાં રાષ્ટ્રપતિ શાસન લાદીને મમતાને પીડિત (વિક્ટિમ) કાર્ડ ખેલવા દેવાની તક અને તે બહાને ઈણ્ડિ ગઠબંધનને મોટી તક મળી જાય તેવું મોદી ઈચ્છતા નથી. પરંતુ બીજી તરફ, વિપક્ષો પોતાની જાળમાં ઘેરાઈ રહ્યા છે. બાંગ્લાદેશના નીડર પત્રકાર સલાહ ઉદ્દીન શોએબ ચૌધરી જે રીતે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી અંગે રહસ્યસ્ફોટ કરી રહ્યા છે તે ચોંકાવનારા છે. આ રહસ્યસ્ફોટ સોનિયા કે રાહુલની અંગત જિંદગી અંગે છે તેમ કહીને તેનાથી હાથ ખંખેરી શકાય તેમ નથી કારણકે તેમાં રાહુલ ગાંધીની બીએનપીના વિદેશ સ્થિત નેતા અને ખાલિદા ઝિયાના પુત્ર તારિક ઉર રહેમાનની સાથે લંડનમાં ગુપ્ત મુલાકાતની વાત છે. રાહુલ ગાંધીના મેક્સિકોના કૉલમ્બિયાની ડ્રગ કાર્ટેલ સાથેના સંબંધોની વાત છે. સોનિયા ગાંધીના પાકિસ્તાનની આઈએસઆઈ સાથે સંબંધોની વાત છે. ભારતનું મીડિયા આ મુદ્દે સદંતર ચૂપ છે. ભાજપ પોતે પણ આ અંગે કંઈ બોલતો નથી. પરંતુ સૉશિયલ મીડિયાના જમાનામાં આ વાતો ભારતના લોકો સુધી તો પહોંચી જ રહી છે. બીજી તરફ, મોદીથી દુ:ખી સુબ્રમણિયમ સ્વામીરૂપી તોપનું નાળચું ફરીથી રાહુલ ગાંધી તરફ તકાયું છે. રાહુલ ગાંધીના નાગરિકત્વ અંગે તેમણે દિલ્લી ઉચ્ચ ન્યાયાલયમાં યાચિકા કરી છે. આગામી સમય ભારે ઉથલપાથલવાળો રહેવાનો છે. કોણ કોને ચેકમેટ કરે છે તે જોવું રસપ્રદ તો રહેશે જ પરંતુ ભારત અમેરિકા સામે બાથ ભીડવાની પોતાની નીતિ ચાલુ રાખી શકે છે કે કેમ તે પણ નક્કી થશે. ■

jaywant.pandya@gmail.com

**વડાપ્રધાન મોદી ઢીલા દેખાઈ રહ્યા છે. ચેન્નાઈમાં કરુણાનિધિની સ્મૃતિમાં સિક્કા લૉંચ કરવા માટે રાજનાથસિંહને મોકલવાનું કારણ ભાજપ સમર્થકોને સમજાતું નથી. કંગના રનૌતને ચૂપ કરાવવા પાછળનું કારણ પણ અકળાવનારું છે.**

# અસહમતી – ગાંધીજી સામે હોય તો સુભાષચંદ્ર બોઝનો ભોગ લેવાઈ જાય છે

**રાજકીય રસધાર**


પ્રવીણ માધાણી

અસહમતી પેદા થવાના મુખ્ય બે કારણો છે. એમાં સૌપ્રથમ છે, વિચાર કે માન્યતા ભેદ. એક કરતા બીજો વિચાર કે માન્યતા અલગ છે એટલે ટકરાવ છે. જો લોકહિતના પ્રશ્ને હોય તો વિચારભેદ કે માન્યતાભેદની અસહમતી તંદુરસ્ત છે. તંદુરસ્ત અસહમતી એ તંદુરસ્ત લોકશાહીનું ટોનિક છે. સામાવાળાને એના નિર્ણયમાંથી ચલિત કરવો, ફેરફાર કરવા ફરજ પાડવી અને આમ કરીને કંઈક રોકાવવું કે મેળવવું એ અસહમતીનું હાર્દ હોય છે. તંદુરસ્ત અસહમતીના દ્વંદ્વમાંથી જે પરિણામ નીપજે એ પ્રજા કલ્યાણનું અંતિમ બની રહે છે. રાજકારણ કે સમાજકારણમાં અસહમતી પેદા થવાનું બીજું કારણ છે, અસ્તિત્વ અને અહમનો ટકરાવ. સતત અસહમતી નોંધાવતા રહેવાથી અસ્તિત્વ ટકી રહેતું હોવાનો રાજકીય, સામાજિક ઈતિહાસ પણ છે. આ અસહમતી મોટાભાગે નકારાત્મક હોય છે. એમાં સમષ્ટિના કલ્યાણના ઉદ્દેશો હોતા નથી. રાજકીય પક્ષ કે સામાજિક સંગઠનોની આંતરિક અસહમતીઓ મોટાભાગે આ કક્ષાની હોય છે. જયારે હકારાત્મક અસહમતી લોકશાહીને મજબૂત બનાવે છે. જે નિર્ણયથી લોકશાહી મૂલ્યોનો હ્રાસ થતો હોય કે પ્રજાને પીડાકારક હોય એવા નિર્ણયોને પડકારવા, વિરોધ કરવો દરેકની ફરજ થઈ પડે છે, પછી ભલે એ માત્ર આમ નાગરિક હોય. લોકનાયકોએ ઉપાડેલા જન આંદોલનોનો ઈતિહાસ આવી અસહમતીઓથી ભર્યો પડ્યો છે. દેશહિત કાજે અસહમતીઓને સ્વીકારીને તેમાંથી શ્રેષ્ઠ નીપજ મેળવવાની દિશામાંના પ્રયત્નોમાં અમેરિકન પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનનું પ્રથમ પ્રધાનમંડળ અને આઝાદ ભારતનું પંડિત જવાહરલાલ નહેરુની આગેવાનીનું પ્રધાનમંડળ ઉત્તમ ઉદાહરણો છે. લિંકન અને નહેરુએ ત્યારે દેશ માટે જે ઉત્તમ હતું તેનો સ્વીકાર કરેલો. એ બંને સુપેરે જાણતા કે આમાંના ઘણાખરા પોતાની વિચારધારા સાથે સહમત નથી. પણ દેશને એમની જરૂરિયાત છે. આ લોકશાહીનું ચરમ હતું. લિંકન તો કહેતા પણ ખરા કે મારાથી સારો માણસ તમારા ધ્યાનમાં હોય તો કહેજો, મારે તેને મારા મંત્રીમંડળમાં સમાવીને તેની સાથે કામ કરવું છે. સરદાર અને નહેરુ વચ્ચે ઘણી બધી બાબતોમાં સહમતી નહોતી. બંને વચ્ચે ઘણી વખત પત્રવ્યવહારમાં ત્યાગપત્રોની ફેંકાફેંકી પણ થઇ ગયેલી હોવાના સંદર્ભો મળી આવે છે. પણ આઝાદ ભારતના બંને ઘડવૈયાઓ દેશહિત કાજે પરસ્પર સંમત હતા. ૧૨-૧-૧૯૪૮ના રોજ મળેલ મંત્રીમંડળની બેઠકમાં બંનેએ સહમતીથી ઠરાવ કર્યો કે 'જ્યાં સુધી પાકિસ્તાન કાશ્મીર પ્રશ્ને સહયોગ ન કરે ત્યાં સુધી કરાર હેઠળ આપવાપાત્ર રૂ.૫૫ કરોડ ભારત સરકાર ચૂકવશે નહીં.' અહી ગાંધીજી અસહમત થયા, સરદાર અને નહેરુ ઘણો સમય બાપુ સામે અડગ રહ્યા. બાપુએ ઉપવાસ આદર્યા અને સરદારને આખા મંત્રીમંડળની હાજરીમાં પોતાને માઠું લાગ્યાનું દર્દ ભર્યા શબ્દોમાં કહ્યું અને બાપુ રડ્યા... સાંભળીને સરદાર પણ રડ્યા... સરદાર અને નહેરુએ પાકિસ્તાન સાથે થયેલ કરાર આધારિત ૫૫ કરોડ આપવાનું કબુલ્યું. એ નિર્ણય દેશહિતમાં નહોતો અને એ આજે પણ ચર્ચાનો વિષય છે. આડકતરી રીતે ગાંધીજીની હત્યાનું નિમિત પણ આ નિર્ણય બન્યો હતો એ હિન્દુસ્તાન જાણે છે અને એ પૈસા હિન્દુસ્તાન પર પહેલા સરહદી આક્રમણમાં વપરાયા હતા. એ ભયસ્થાન સરદારે ગાંધીને બતાવ્યું હતું ખરું કે આ પૈસા ભારત સામે હથિયાર ખરીદવા વપરાશે. જયારે કોઈ સમાજ, વર્ગ કે વ્યકિત અસહમતી દર્શાવે છે ત્યારે તેણે રાજકીય પીઠબળ કે જન સમર્થનની જરૂરિયાત રહે છે. આ પીઠબળ કે જનસમર્થન તેને મુદ્દાના વાજબીપણા આધારે પ્રાપ્ત થાય છે. તકલાદી અને ગેરવાજબી મુદ્દે વ્યાપક અને લાંબાગાળાના સમર્થનો મળતા નથી. નહેરુ સરકારે જમીન માલિકીની ટોચમર્યાદા બાંધવાના પ્રયાસ કર્યો અને એમાં અસહમતી સ્વરૂપે સ્વતંત્ર પક્ષ અસ્તિત્વમાં આવ્યો. સ્થાપકોમાં શ્રી રાજગોપાલાચારી, પ્રો. એન.જી.રંગા, શ્રી મીનુ મસાણી, શ્રી કનૈયાલાલ મુનશી હતા. ચોથી સામાન્ય ચૂંટણીઓમાં તે દેશના સૌથી મોટા વિરોધપક્ષ તરીકે સામે આવ્યો. ટૂંકા ગાળે સ્વતંત્ર પક્ષે ખુબ જનસમર્થન મેળવ્યું, પણ સમય જતા આંતરિક અસહમતીઓ અને જે મુદ્દે પક્ષની રચના થઈ હતી એ મુદ્દે વાજબીપણું ગુમાવી દેતા ત્યારે એક લાંબાગાળાનો મજબૂત વિપક્ષ મળતા રહી ગયેલો અને ઘણી રાજકીય પ્રતિભાઓ સ્વાતંત્ર પક્ષની સાથે આથમી ગયેલી. ઉપરાંત ત્યારબાદની સરકારોના ઘણા બધા નિર્ણયોમાં અસહમત થવા સામે મજબૂત વિપક્ષ જ નહોતો રહ્યો. અને એના માઠા પરિણામો લાંબા ગાળા સુધી દેશની જનતાએ ભોગવ્યા છે.

હાલ વિરોધ દર્શાવવા માટે થોડો અલગ પ્રકારનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. સરકારથી અસંતુષ્ટ કે અસંમત વર્ગ વેરો ન ભરવો, ગંદકી કરવી, બસ-ટ્રેન-જાહેર ઈમારતો સહિતની સંપત્તિને નુકસાન પહોંચાડવું, ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવું, જેવા રસ્તે વિરોધ નોંધાવી રહી છે. આ બહુ નુકસાનકારક છે. આ દેશને અરાજકતા ભણી લઈ જવા જેવું પગલું છે. હિન્દુસ્તાનમાં ચૂંટણી ટાણે અસહમતીઓનું બજાર ગરમ થઈ જતું હોય છે. આ સમય હોય છે સત્તા કે વિપક્ષનું નાક દબાવીને સમસ્યા નિરાકરણનો કે માંગણીઓ પૂરી કરાવવાનો. ચૂંટણી બાદ જો ગઠજોડની સરકાર હોય તો એકાદ સહયોગીની અસહમતી હોવાથી પણ દેશ આખા માટે લેવાયેલ નિર્ણયમાંથી પાછું હટવાની સરકારને ફરજ પડે છે. આવી અસહમતી દેશહિતને ખુબ નુકસાનકારક છે. ૧૯૩૯ની કૉંગ્રેસના અધ્યક્ષની ચૂંટણીમાં બોઝની સામે મહાત્મા ગાંધીની ઈચ્છા જવાહરલાલ નહેરુ તરફે હતી. એ વખતે નહેરુ યુરોપમાં વેકેશનમાં ગયા હતા. પાછા આવીને નહેરુએ મૌલાના આઝાદનું નામ સૂચવ્યું. મૌલાના આઝાદે પણ ના પાડી અને પટ્ટાભી સીતારામૈયાનું નામ ઉમેદવાર તરીકે આખરી થયું. ૨૯ જાન્યુઆરીના રોજ સુભાષચન્દ્ર બોઝ ગાંધીજીના ઉમેદવાર પટ્ટાભીની સામે ૨૦૩ મતોથી વિજયી બન્યા. ત્યારબાદ ગાંધીજીએ સુભાષબાબુ સાથેની પોતાની અસહમતીનો બદલો લગભગ રાજકીય બહિષ્કાર કરી લીધો. સુભાષચંદ્ર બોઝ લગભગ રાજકીય ક્ષિતિજ પરથી ખોવાઈ ગયા. ગાંધીજી સાથેની અસહમતીની ભારતે ચૂકવેલી કદાચ આ મોટામાં મોટી કિંમત હતી.

ક્વિક નોટ – લોકશાહી એ એવી રાજ્ય વ્યવસ્થા નથી કે જેમાં લોકો ઘેટાની જેમ વર્તે છે, લોકશાહીમાં વ્યક્તિગત અભિપ્રાયો અને કાર્યોની સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં આવે છે. – ગાંધીજી ■

# ટીટોડીની જગ્યાએ ડાયનાસોરે ઈંડા મુકેલા હોય એવું નથી લાગતું ?

**હાસ્યાય નમઃ**


ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

૧) બ્રાહ્મણ, ભેંસ અને ભાજી એ ત્રણેય પાણીથી કેમ રાજી રહે છે?.

યોગેશભાઈ આર. જોશી(હાલોલ:જિ.પંચમહાલ)

આ કહેવતમાં હું સંમત નથી. કહેવત બનાવતા પહેલા આ ત્રણમાંથી કોઈને પૂછ્યું હતું કે નહિ એની કોઈને ખબર નથી .

(૨) પત્ની ગોરી હોવી જોઈએ કે પતિ ગોરો હોવો જોઈએ? - હાફિઝ રિયાઝ સેલોત (રાજુલા)

ગોરી કે ગોરો ગમે તે ચાલે, ગોબરી કે ગોબરો ન હોવા જોઈએ!

(૩) આ વખતે ટીટોડીની જગ્યાએ ડાયનાસોરે ઈંડા મુકેલા હોય એવું નથી લાગતું ?

મહેન્દ્ર મકવાણા (કરજણ)

ઈંડા તો ટિટોડીએ જ મૂક્યા છે. પણ અફવા એવી ઉડી કે ડાયનાસોરે મૂક્યા છે અને વરસાદે એ અફવા સાચી માની લીધી છે.

(૪) મૂર્ખાઓની યાદી તૈયાર કરવાની છે તો તેમાં આપનું નામ કયા ક્રમે રાખું? - સરદારખાન મલેક (મહેસાણા)

આપના પછીના કોઈપણ ક્રમે.

(૫) શ્રાવણ માસમાં છપ્પન ભોગ જેવુ ફરાળ કરવાના છેને જલસા?- જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

તમારે હશે. અમે તો ખારીસીંગ ખાઈને દિવસો કાઢીએ છીએ.

(૬) મુંબઈને મુંબઈ અને બોમ્બે કેમ કહેવામાં આવે છે ?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

વડોદરાને બરોડા કહે છે એની દેખાદેખી!

(૭) તમે ભણ્યા ત્યાં સુધીમાં એકેય વાર નાપાસ થયા છો? - રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

એકવાર નાપાસ થાઉં એમ હતો પણ સાહેબથી ભૂલમાં ૧૬ ને બદલે ૯૬ લખાઈ ગયું એટલે મારો પહેલો નંબર આવ્યો?

(૮) " ડોક્ટર" લખો છો તો શેના ડોક્ટર છો મારે બતાવવા આવવું છે અને દવાખાનું ક્યાં આવ્યું છે?

સંજયભાઈ જોશી (બાબરા)

ડર રાખ્યા વિના આવો. હું પશુ ચિકિત્સક નથી!

(૯) અક્કલનો ઓથમીર, અક્કલનો બારદાન અને અક્કલમઠો આ ત્રણ પ્રકારના મનુષ્યનો તફાવત જણાવો.

હરિભાઈ ધોરાજિયા (લીલિયા મોટા)

આ ત્રણેય પ્રકારના મનુષ્યો પોતાને બાકીના બેથી વધારે હોશિયાર સમજે છે.

(૧૦) જેણે પહેલીવાર ઘડિયાળ બનાવી એણે સમય કઈ રીતે સેટ કર્યો હશે? - જયેશ રાઠોડ (બાબરા)

ઈ ભાઈ એમ કહેતા હતા કે હમ કાંટા જહા રખ દેતે હૈ, સમય વહા સેટ હો જાતા હૈ!

(૧૧) પહેલાની વાર્તા પ્રમાણે કાગડો પાણી પીવા માટે માટલામાં કાંકરા નાખતો હતો. હવેનો કાગડો સ્ટ્રોનો ઉપયોગ કરતો હશે?

આસિફ કાદરી (રાજુલા)

એ બધું જૂનું થઈ ગયું. હવેના કાગડા તરસ ન લાગે એ માટે રોજ નરણાં કોઠે એક ટીકડી લઈ લે છે.

(૧૨) અક્કલ વગરના વ્યક્તિને દૂધપાક જેવો કહેવાય, તો ખીર જેવો કેમ ના કહેવાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

કેનેડા બેઠા બેઠાય ખીર અને દૂધપાક સાંભરે છે ને?!

(૧૩) સાહેબ..! "બોલે એના બોર વેચાય" તો ન બોલે તેમનું શું વેચાય?

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)

ઓનલાઈન વેચવા મૂકી દો.

(૧૪) શ્રાવણ વદ અમાસને "ભાદરવી અમાસ" કેમ કહેવામાં આવે છે? - કનુભાઈ પરમાર (દામનગર)

શ્રાવણ મહિનામાં ખૂબ તહેવારો ઉજવ્યા પછી અમાસ આવે ત્યાં જ લોકોને કાલથી હવે આ બધું બંધ થઈ જશે એવી બીક લાગે છે એટલે એક દિવસ અગાઉથી જ એને અંધારું અને ભાદરવાની અસર દેખાય છે.

(૧૫) તીનપત્તીમાં હોશિયાર જીતે કે નસીબદાર?

દક્ષા નકુમ (રાજકોટ)

જવાબ આપ્યા પછી જીતો તો મને કેટલું કમિશન આપશો? ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# પોતાના સ્વભાવને સ્હેજ બદલાવો તો આખી બાજી બદલાઈ જાય છે...!

ભલે શરદ ઋતુ શરૂ થઈ ગઈ હોય, વરસાદની રિમઝિમ ક્યાંક હજુય ચાલુ છે અને હજુ એક સપ્તાહ આકાશમાં વાદળોની ઘટાઓ રહેવાની છે. આમજન માટે આ સુખનો અનુભવ છે પરંતુ કૃષિજીવનની વાત અલગ છે. તોય આ ચોમાસાએ લોકજીવનમાં અનેક નવા રંગ પૂર્યા છે. આપડે ત્યાં લોકજીવનમાં અનેક પ્રકારના લોકો જોવા મળે છે. એમાં એક છે હરિભગત. મંદિરે જતા હોય અને તિલક કરવાથી હરિભક્ત નથી થવાતું. એ સારું તો છે પણ ભક્તના પદ સુધી પહોંચવા માટે અધૂરું તપ છે. ખરા હરિભગત એ છે જેને કોઈની પાસેથી કંઈ લઈ લેવું નથી. આપણા વિચારો પરથી નક્કી ન થાય કે આપડે કેવા છીએ પરંતુ આપડું વર્તન અને વ્યવહારમાં જોઈને કોઈ પણ કહી શકે કે આપડે કેટલામાં છીએ. દુનિયા તમને એક નજરમાં માપી લે છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો તો પણ હવે જમાનો જ એવો છે કે સહુ જેવા છે તેવા દેખાય છે. પ્રજા બહુ વાચાળ થઈ ગઈ છે. પહેલા તો વાર પ્રસંગે પણ કોઈ બહુ બોલતું નહિ. હવે તો રસ્તામાંય લોકો લાંબી વાત કરવા ઊભા રહી જાય છે હાથમાં શાકની થેલી ઠઠી રહી જાય છે. અને એય ને વાતોના તડાકા ચાલે છે. આવા લોકોની જિંદગીમાં આયોજન શબ્દને પ્રવેશ જ નથી હોતો. કારણ કે તેમની ઘડિયાળમાં કાંટા જ હોતા નથી અને એ જ કારણે એમણે આખી જિંદગી કંટક પાથર્યા રસ્તા સાથે પનારો પાડવાનો આવે છે. એવા લોકો સુખને શોધતા ભટકતા હોય છે. એટલે તેઓ જેમ ભૂખ્યા પશુઓ લીલો રંગ જુએ ત્યાં અટકી જાય એમ સુખની છલના જુએ કે શાંતિનો પડછાયો જુએ તો થંભી જાય છે અને એમનું મન ત્યાં રમવા લાગે છે. એમાં એમનો વાંક નથી.કારણ કે સુખ માટેની એમની તરસ વરસોથી હોવાને કારણે આગ જેવી બની ગઈ હોય છે. છાંટો બે છાંટા વરસાદ પડે તો એ રોકાઈ જાય છે. પણ સુખની તરસ એમ છીપે નહિ. કારણ કે સુખ કદાચ સગવડમાંથી મળે પરંતુ આનંદ તો ભીતરથી જ મળે. એ સુખ કે જે આનંદમાં રૂપાંતરિત થઈને અંતઃકરણ સુધી પહોંચતું નથી એ બહુ તકલાદી હોય છે. આપણે સહુ અનેક તકલાદી સુખોથી ઘેરાઈ ગયેલા છીએ. પણ એવા સુખને હાથ અડાડવા જેવો નથી. જેમ જુગારનો રૂપિયો ઘરમાં આવે તો વધારાના ઘરના રૂપિયાને પણ તાણીને લઈ જાય છે એમ તકલાદી સુખ આપણા અસલી ચપટીક સુખ જે હોય એનેય દૂર દૂર ફંગોળી દે છે.સવાલ એ છે કે સુખ આપણે કોને કહીએ છીએ. બીજા કોઈનુંય સુખ ઓછું કર્યા વિનાનું સુખ જ ટકાઉ અને આનંદકારી હોય છે. અરે કેટલાક લોકોનો તો સ્વભાવ જ બીજાઓને સુખી કરવાનો હોય છે. તેમના પોતાના અગ્રતાક્રમ જ કોઈ નથી હોતા. તમે રાજી રહો એવી જિંદગી જ એ લોકો પસંદ કરે છે. એટલે કે સુખી થવા માટેનું એ લોકોનું સૂત્ર એક જ છે કે બીજાઓને સુખી કરો. આપણે ત્યાં જલસાખોર કોમ્યુનિટી પણ છે. તેઓ કોઈ એક



જ્ઞાતિ કે જાતિના નથી. તેમનું કામ જ જલસા કરવાનું છે. તેમને ભવિષ્ય સાથે કોઈ નિસ્બત નથી. આજકાલ લોકો મોબાઈલ ફોનમાં મનોરંજન માણવામાં કલાકો પસાર કરે છે. મનોરંજન તો દૂધમાં એલચીનું પ્રમાણ હોય એટલું જ હોવું જોઈએ. પરંતુ પરિસ્થિતિ જુદી છે અને વધુમાં વધુ લોકો જલસાખોરીમાં તણાઈ જતાં જોવા મળે છે.સુખને થોડો સંબંધ જરૂરિયાત સાથે છે. જેમની જરૂરિયાતો સાવ ઓછી છે એ લોકો સૌથી વધુ સુખી છે. પરંતુ બધા માટે તો એ શક્ય નથી. એમ તો સહુને લાગે કે આપડી જરૂરિયાત ઓછી જ છે. પણ જરાક ઊંડે નજર કરીએ તો આપડા પોતાના જ અનેક અપલખ્ખણ નજરે ચડે. નજરે ચડે તો સારું છે પણ જો પોતાના અવગુણ દેખાય જ નહિ તો સમજવું કે જિંદગી અભિમાનના પહાડ તળે દબાઈ ગઈ છે. વિવેકી મનુષ્ય અને અભિમાનના સુખ વચ્ચે

**તમે ઇચ્છો કે ન ઈચ્છો તો પણ હવે જમાનો જ એવો છે કે સહુ જેવા છે તેવા દેખાય છે**

પણ ભેદ હોય છે. અભિમાની લોકોને ભ્રમમાં રહેવું ગમે છે કારણ કે અભિમાન જ સૌથી મોટો ભ્રમ હોય છે. સરદાર કે ગાંધીજીને જુઓ તો ખ્યાલ આવે કે દેશના કરોડો લોકોના સુખને જ એમણે પોતાનું સુખ માન્યું. કોઈ એ વાત જાણતું જ નથી કે તેમના આનંદનો વિષય શું હતો?તેઓ ક્યારે અને કઈ રીતે મઝા લેતા હતા? કારણ કે તેમને પોતાને મઝા જેવું કંઈ હતું જ નહિ. તેમની મઝા એટલે ભારતના કરોડો લોકોના દુઃખ દૂર કરી આપવા એ જ મઝા. આટલી ઊંચાઈએ તો સહુ ન જી શકે. પરંતુ પત્નીને ઘરકામમાં મદદ કરવી, વડીલ પાસે બેસી એમને સાંભળવા કે વયોવૃદ્ધ માતાને ભાગવત્ વાંચી સંભળાવવું એટલું થાય તોય બહુ છે. આપડા દેશમાં લાખો લોકો ગૃહસ્થો એવા છે કે જેમણે જિંદગીમાં એક વખત પણ શાક સુધાર્યું નથી. કે કપડાં સૂકવ્યા નથી. એ બધા કામો ગૃહિણીના એકલીના જ છે એમ માનવાની તેઓ ભૂલ કરે છે. તમે જ્યાં હો ત્યાં આજુબાજુમાં જો અજવાળું ન કરી શકો તો તમારી આખી જિંદગીમાં ઉજાસ હોવાની શક્યતા ઘટી જાય છે.એવું તો આ જગતમાં કોણ હોય કે જે હોટેલમાં જમવા જાય અને ખબર પડે કે વેઈટર ઓછા છે ને ગ્રાહકો વધારે છે એટલે મેનેજર મુંઝાયેલો છે તો લાવ હું પીરસવા લાગુ. પોતે જમવાનું ટેબલ છોડી રસોડામાં જઈ કામે લાગે. આવો આપડને તો વિચાર પણ ન આવે અને કદાચ આવે તો બૂમાબૂમ કરી મેનેજરને ખખડાવવાનો જ વિચાર આવે. એક મહાન સુખી મનુષ્ય અને સામાન્ય મનુષ્ય વચ્ચેનો આ જ તો તફાવત હોય છે. બીજાની તકલીફનો વિચાર કરવો અને પોતાના માન કે માભાને ભૂલીને એની મદદમાં લાગી જનારા લોકો જ આ સંસારના સૌથી સુખી લોકો છે. કારણ કે એમનો આ સ્વભાવ જ એમને જિંદગીમાં અપાર સુખ આપે છે. જે માણસ હોટેલમાં આવું શુભ વર્તન કરી શકે એ પોતાની નજીકના તમામ લોકો સાથે તો કેટલી સારી રીતે રહેતો હશે એની માત્ર કલ્પના જ કરવાની રહે છે. કેટલાક લોકોને આખી

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

જિંદગીમાં એ જ ખબર પડતી નથી કે એના વારંવારના દુઃખનું કારણ શું છે ? ઘણી વાર તો સ્વભાવ જ આપણા સુખ અને દુઃખનું કારણ હોય છે. બહાર ક્યાંય ઠેબા ખાવાની જરૂર જ નથી હોતી. પોતાના સ્વભાવને સહેજ બદલાવો તો આખી બાજી બદલી જતી હોય છે. પણ સ્વભાવ બદલાવવામાં વિવેકની બહુ જ જરૂર પડે છે અને વિવેક તો ક્યાંય વેચાતો મળતો નથી. વળી કોઈએ કોઈને કહેવાતું પણ નથી કે સ્વભાવ બદલાવો. કહો તો તમને સાંભળવા મળશે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. પણ જાય ત્યારની વાત ત્યારે. અત્યારે એ પ્રાણ અને એ પ્રકૃતિ સાથે કામ પાડનારાઓએ કેટલું સહન કરવું ? સહુને છાંયો આપવો અને આપડા તરફથી કદી કોઈને તડકો ન લાગે એનું ધ્યાન રાખવું એમાં જગતના બધા ધર્મોનો સારાંશ આવી જાય છે. ■

# આયનામાં જ્યોતિએ તેના ચહેરાના દર્શન કર્યા




ઊંઘ આમ તો એવી બલા છે કે તેમાં શારીરિક અને માનસિક બન્ને પ્રકારનો આરામ મળવો જોઇએ. જોકે, ઊંઘ દરમ્યાન શારીરિક આરામ તો મળે જ પરંતુ માનસિક આરામનું શું? અને આવી વિકટ પરિસ્થિતિમાં વળી સપના પણ આડોડાઇ કરતા હોય છે. હા, હવે દામલને પણ સપનાની વણજાર ચાલુ થઇ અત્યારે એ તો સપનાની અલગ જ દુનિયામાં ફસાઇ ગયો હતો.

આજે મધરાત પછી દામલે જ્યોતિના ગાલ પર મધમીઠું દીર્ઘ ચુંબન કર્યુ એ સમયે જ્યોતિ જરા થડકી હતી. તેને જાણ થઇ હતી કે કોઇએ તેના ગાલે સ્પર્શ કર્યો. અને આ સમયે સ્પર્શ કરનાર દામલ સિવાય બીજુ કોઇ ન હોય, તે પણ તે જાણતી જ હતી. એટલે તો તેણે તેના આખા શરીર પર ગજબનો કાબૂ રાખી દીધો હતો. એમ ને એમ તેણે ઊંઘવાનો ડોળ કર્યો હતો ને પોતે વિચારતી હતી કે, દામલ મારા શરીર સાથે, મારા ચહેરા સાથે, મારી છાતી સાથે કે પછી કોઇપણ અંગ સાથે આવું મીઠું મીઠું અડપલું કે અટકચાળો કરે એ તો આવી રાહ સાથે ઊંઘવાનો ડોળ કરતી રહી.

પરંતુ...., દામલે તો તેના ગાલ પર માત્ર આવેશપૂર્વક ચુંબન જ કર્યું. ન તો તે છાતીને અડકયો કે ન તો તેણે બીજા કોઇ અંગને સ્પર્શ કર્યો બસ એક માત્ર તસતસતું દીર્ઘ ચુંબન ગાલ પર કરી તે તો ચાલ્યો ગયો. આવું થતાં હવે જ્યોતિના શરીરની અનહદ ભૂખ ઊઘડતા વાર ન લાગી. તેનું રૂપાળું શરીર આમ - તેમ, ઉપર - નીચે, આડું - અવળુ એમ વળ ખાવા લાગ્યું તેની શરીરની તરસ છિપાઇ નહીં. રગરગમાં લોહીનો વેગ ઝડપથી વધવા લાગ્યો. છાતીના ઊભારોનો ઘેરાવ પણ જરા ઊંચો થયો. પરંતુ તે શું કરે.... ?

અંતે જ્યોતિ મનોમન વિચારવા લાગી. પોતે ટાઇમમાં એટલે કે માસિક - ધર્મમાં આવી તેને હજી માંડ ચોવીસ કલાક વીત્યા હતા. કદાચ આ કારણે જ તાવ આવ્યો હશે. હવે આજે બુધવાર તો જતો રહેશે. રહેશે માત્ર ગુરૂ અને શુક્રવાર ! શનિવારે તો છોકરાઓને લઇને પ્રવાસમાં જવાનું નક્કી જ છે. આજે જે થયુ તે, હવે શનિ, રવિ અને સોમવારના દિવસ અને રાત મારે તો દામલ સાથે જ રહેવાનું છે ને ? ત્યારે જોયું જશે....

આમ આવા અનેકાનેક વિચારો સવારના સાડા - ચાર વાગ્યા સુધી જ્યોતિ કરતી રહી. પલંગમાં આમ - તેમ ભીંસાતી રહી. પછી તેની આંખો કયારે મીંચાઇ હશે તેની તેને ખબર પણ ન હતી.

દામલ તેના રૂમમાં ને જ્યોતિ તેના રૂમમાં સવાર થઇ જતા હજી પણ ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં. દામલના આચાર વિચાર ઊંચા હતા તો જ્યોતિ દામલના સહારે પોતાના શરીરમાં વિચિત્ર એવી જ્યોત પેદા કરવા જાણે થનગની રહી હતી. જો એવી કોઇ જ્યોત એવા જ કોઇ દીપકને પ્રગટાવે તો...તો અહોભાગ્ય ! પરંતુ એ જ્યોત, જ્યોત ન રહેતા અંગાર બની આગ પ્રગટાવે તો...? તો પછી બે માનવની જિંદગી સળગી ઊઠતાં વાર પણ ન લાગે. હર્યોભર્યો આ સંસાર આવી આગમાં ભસ્મીભૂત પણ થઇ શકે છે.

સંસાર સાગરમાં માનવમાત્ર ચાવીવાળા રમકડાં જેવો જ છે. ચાવીનું યાંત્રિક બળ પૂરૂં એટલે ખેલ ખતમ. એવું જ કંઇક દામલનું હતું. તે અત્યંત વિવેકી, ખૂબ જ શરમાળ, અતિ વિચારશીલ, કોમળ હૃદય ધરાવનાર અને વધારે પડતો જ્ઞાની ઉપરાંત પારકાને પોતિકા બનાવી આનંદને વેચનાર જુવાન હૈયું ધરાવતો સાધુ હતો.

આવો આ થનગનતો યુવાન દામલ, છેલ્લા પાંચ - સાત દિવસમાં તો તદ્દન બદલાઇ ગયો. તેનું સઘળુ સાહિત્ય પણ જાણે હવામાં ઓગળી ગયું.

બસ..., હવે તો તેને માત્ર જ્યોતિનાં જ દર્શન થતાં હતાં.

પરોઢ પછી ક્યાંય મોડે મોડે મીઠી ઊંઘમાંથી દામલ અને જ્યોતિ જાગ્યા. સવારના સાડા આઠ થયા હતા. બા તો રોજની જેમ વહેલાં ઊઠી જઇ વાસી કામમાંથી પરવારી નવરા થઇ ગયા હતા. છોકરા ભલેને સૂતા... એમ મનમાં ગણગણી બાએ જરાપણ વધારે અવાજ કર્યો ન હતો. કારણ કે મોડી રાતે તાવ ઉતરતા જ્યોતિની આંખ માંડ મળી હતી ને...દામલ પણ મોડે સુધી હિંડોળા પર જાગતો બેઠો હતો.

જ્યોતિ ઊઠી ત્યારે સવાર સવારમાં થોડી સુસ્તી તેના અંગેઅંગમાં ભરેલી પડી હતી. તો પણ શૌચાદિ ક્રિયા પૂરી કરી તે સીધી બાથરૂમમાં ચાલી ગઇ. ઠંડા પાણીથી નાહી લીધા પછી તેને તેના શરીરમાં થોડી ચમક અને સ્ફૂર્તિ દેખાઇ રહી હતી. એ સ્વસ્થ હતી. બાથરૂમમાંથી બહાર નીકળી તેણે તેના નવા વસ્ત્રો પહેરવાનું કામ કર્યુ. અંગ પર વસ્ત્રો પરિધાન થયા પછી તે... આમદકદના આયના સામે ઊભી રહી...

જેવા હોઇએ તેવા જ ઊભરી આવીએ, તેવા જ દેખાઇએ તેનું નામ અરિસો કે આયનો. આયનામાં જ્યોતિએ... તેના ચહેરાના દર્શન કર્યા. ધોળા દૂધ જેવા, દૂધમાં કેસર ભળે તેવા કલરના, ગલગોટા જેવા ગાલમાં તેને એક લાલ લાલ ચકામું ઉપસેલુ દેખાયુ. એને જોતા જ એ થરથરી, થોડી ધ્રુજી પછી એ જગ્યાએ તેણે મૃદુતાથી એક આંગળી વહાલથી ફેરવી ત્યાં તો તેના મોઢામાંથી મીણ જેવા શબ્દો સરી પડયા, 'દામલ...દામલ...!'

પરંતુ આવુ દ્રશ્ય, પોતાના રૂપાળા ગાલ પર અંકિત થયેલું લાલ ચકામું જોઇ પ્રથમ તો તે લજ્જાઇ ગઇ, શરમાઇ ગઇ. આ ચકામું, આ નિશાની તો દામલના હોઠોની મોંઘામાં મોંઘી પ્રસાદી હતી એટલે તો તે શરમાઇ ગઇ હતી.

પોતાના ગાલ પર આવી નિશાની જોઇ બા... મારા વિશે કેવું વિચારશે ? હવે જ્યોતિને ચિંતા વધવા લાગી. શું કરવું ? જો બીજી કોઇ જગ્યાએ આવું લાલ ચકામું થયું હોત તો... ઢાંકી દઇ શકાત, પણ આ ચહેરાને કેમ કરી ઢાંકવો ? આવી ચિંતાને લીધે થોડીવાર તો બસ તે આયનામાં જોતી જ રહી. અંતે સૌદર્ય નિખારના સાધનો વડે, લેપ અને પાઉડર વડે પેલા ચકામાને થોડું ઝાંખુ કરવામાં તે સફળ રહી. પછી મનને મનાવી લઇ છેવટે તે રૂમમાંથી બહાર નીકળી... ઓસરીમાં આવી.



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

બા... રસોડામાં નાસ્તો બનાવવાના કામમાં વ્યસ્ત હતા. આ સમયે જ્યોતિને રસોડામાં દાખલ થતી જોઇ બા...ખુશ થતાં બોલ્યાં : "અરે..., તું તો ઊઠીને તૈયાર પણ થઇ ગઇ ? બેસ..., ખુરશીમાં બેસ, હવે કેમ છે...?"

"ઘણું સારૂં છે બા ! સગી મા...ની જેમ રાતે તમે..." ત્યાં તો વચ્ચે જ જ્યોતિને અટકાવતાં બા ઝડપથી બોલ્યાં : "સગી મા... જ સમજ. હું તારી સંભાળ હું નહીં લઉં તો બીજું કોણ કરશે ? તું તો મારી સગી દીકરી જ છે બેટા...! બીજીવાર આવું ન બોલતી..." બાના આવા મમત્વભર્યા શબ્દો સાંભળી જ્યોતિ થોડી ઓછી ઓછી થઇ ગઇ. (ક્રમશઃ) ■

# જવાબમાં અર્જુને રવિનાના મોઢા આડો હાથ દઇ દીધો

રવિના અર્જુનની પડખે બેસી ગઇ. અર્જુન પથારીમાં સૂતો હતો એમાંથી અડધો બેઠો થઇ ગયો: 'અરે, મા અને બહેન અચાનક આવી ચડશે, તો ?' 'તો ? તો શું ?' રવિના કામૂક ઘેરૂ હસી : ' તો આટલું બધું ગભરાઇ જવાનું ? અરે, આપણે એકબીજાને પ્રેમ કરીએ છીએ.' પોતાની મોટી મોટી આંખો




અર્જુનની આંખોમાં ડૂબાડતા રવિના મારકણું હસી : "અને હવે તો મેં મારૂં સર્વસ્વ પણ તમને અર્પણ કરી દીધું. પછી કોનો ડર ? કદાચ મા આવી જાય તો ય આપણે ન કહી શકીએ કે ? "

જવાબમાં અર્જુને રવિનાના મોઢા આડો હાથ દઈ દીધો : "ધીમે બોલ, બાજુનાં રૂમમાં સભળાતું હશે." અને અર્જુનના કપાળ ઉપર અચાનક પરસેવો ફૂટી નીકળ્યો. રવિનાએ તેની નોંધ લીધી. એટલે એ વધારે ઝૂકી. અર્જુને તેને આધી હડસેલવા પ્રયત્ન કર્યો પણ રવિનાએ અર્જુનની કરકરી દાઢી પર ચૂમી ભરી લેતા પોતાના બન્ને હાથ અર્જુનની બાહુ ફરતે વિંટાળતા કહ્યું : " ચિંતા ન કરો, બા અને અનિતા બાપુ નીકળ્યા પછી સૂઈ ગયા છે !"

અર્જુનના શ્વાસમાં રવિનાના ગરમ ગરમ શ્વાસ ભળી ગયા.

---

રૂદ્રવિજયસિંહ કાર લઈને બહાર નીકળ્યા તેમની કાર પોલીસ સ્ટેશનની સામેથી જ પસાર થતી હતી કે, આઉટ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં ખુરશી નાખીને માત્ર પેન્ટ અને બનિયનભર એક તેજસ્વી યુવાન ખુરશી નાખીને બેઠેલો તેમણે જોયો. પડખે જીપ પડી હતી. રૂદ્રવિજયસિંહે અચાનક કાર થોભાવી. ડ્રાયવરે કાર ઊભી રાખી એટલે રૂદ્રવિજયસિંહ તેમની સામે આવીને નમસ્કારની મુદ્રામાં બે હાથ જોડયા : "આપ, અહીંયા ?" અને પછી પોતાની ઓળખાણ આપતા કહ્યું : "હું રૂદ્રવિજયસિંહ, નિવૃત જમાદાર, મારો દીકરો અહીં જોબ કરે છે." "નાઈસ ટુ મીટ યુ અંકલ." યુવાન પોતાનો જમણો હાથ લંબાવતા ખુરશી ઉપરથી ઊભો થઈ જતા બોલ્યો : " માય નેમ અજયસિંહ રાજપુત. અહીં ઈન્સ્પેકટર તરીકે આવ્યો છું. ન્યુલી એપાઈન્ટ..." અને પછી બન્ને હાથથી ખુરશી રૂદ્રવિજયસિંહ તરફ લંબાવતા કહે : "બેસો, બેસો."

"અરે પણ આપ..." રૂદ્રવિજયસિંહ વિનયપૂર્વક ઈનકાર કરતા કહ્યું : "હું જસ્ટ નીકળ્યો તો મેં આપને જોયા મને થયું કે કોઇ આવ્યું લાગે છે. અત્યાર સુધી તો લગભગ આ જગ્યા ખાલી જ હતી."

હા.'' અજયસિંહ અંદરથી બીજી ખુરશી બહાર લાવતા બોલ્યો : " ધીમે ધીમે ક્રાઈમ રેઈટ વધતો જાય છે. આ એરિયામાં એક બે લૂંટમાર ગેંગ એકટિવ થઈ ગઈ છે. થોડા દિવસ પહેલા હોલીંગ એરિયામાં અચાનક ચાર પાંચ કાર લૂંટાઇ, એક - બે અપહરણ પણ થયા. પરમ દિવસે એક પેટ્રોલપંપ ઉપર ગુંડા ટોળકી ત્રાટકી હતી. વળી પેટ્રોલીંગ વખતે અમે નીકળ્યા તો રહી ગઈ એટલે જગ્યા પૂરાઈ અને હું અહીં હાજર થયો."

"વેરી ગુડ" ઈન્દ્રવિજયસિંહે ખુરશી ઉપર બેસતા રાજીપો વ્યકત કર્યો. ત્યાં જ ચાવાળો ચા લઈને આવ્યો. ચા પાણી પીને બન્ને જણા વાતોએ વળગ્યા. પોલીસ ખાતાના કંઈ કેટલાયે અનુભવો રૂદ્રવિજયસિંહે શેર કર્યા. છુટા પડતી વખતે ઈન્સ્પેકટર અજયે રૂદ્રવિજયસિંહને હૃદયના ઉમળકાથી આમંત્રણ આપતા કહ્યું : "તમારી સાથે વાત કરવાની ખુબ મજા આવી સર. તમે અહીં આવો ત્યારે ચોક્કસ મળતા રહેજો. મને પણ નવુ નવુ જાણવાનું મળશે!. "ચોક્કસ સર." રૂદ્રવિજયસિંહે અજયનો હાથ પોતાના હાથમાં ઢબૂરી લેતા કહ્યું : "મને પણ ખૂબ ગમ્યું સર." સર નહીં," અજયે હસીને કહ્યું : "હવે માત્ર અજય કહેશો.". "ઓકે બસ, બટ નેકસ્ટ ટાઈમથી..." તેના ચહેરા ઉપર વાત્સલ્ય ભર્યો હાથ ફેરવતા રૂદ્રવિજયસિંહ ખુશ થતા છુટ્ટા પડયા.

લઘુ-નવલકથા

યોગેશ પંડયા

પાંચ મિનિટે સુધી અર્જુન સાથે પ્રણય ચેષ્ટા કરતી કરતી રવિના, અર્જુનના આગ્રહથી પરાણે છુટ્ટી પડી ત્યાર પછી તેનું મગજ એક ચોક્કસ ગણતરી સાથે વિચાર કરતુ હતું. અર્જુને સાશંક બની "તને વોમીટ કેમ થયું હતું ?" ના જવાબમાં રવિનાએ કહ્યું હતું. "મને શું ખબર, એની તમને ખબર." કહી આંખનો ઉલાળો કર્યો હતો.

"હું તો ડરી ગયો હતો યાર." અર્જુને હૈયાની વાત ઓકી નાખતા કહી દીધું : "નહીંને ક્યાંક..."

"એવું ય હોય... મને શું ખબર ? " ડોકને ઝટકો આપીને રવિનાએ આંખમાં આંખ નાખી કહ્યું : "એ તો ડોકટરને ખબર પડે કાલ પરમ દિવસ તમને જોવા આવ્યા હતા એની પાસે જ તો બાપુ મારી ઉલટીની દવા લેવા ગયા હતા."

"અરે બાપુ તો મેડિકલમાંથી દવા લાવ્યા. ભવનસાહેબ તો મસૂરી ટ્રેનીંગમાં ચાલ્યા ગયા છે, એક મહિના પછી આવશે." "તો અહીંયા બીજા કયા ડોકટર છે ? " રવિનાએ અર્જુનનાં ગાલ ખેંચીને પૂછયું : "ફરી વખત મને આવું થાય તો હવે તો ડોકટર પાસે જ જવુ પડશે."

"ડોકટર માથુર છે. એક ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન." રવિનાની પૂર્વ નિર્ધારીત મંડાતી જતી ગણતરી સામે અર્જુને બાલિશતાથી જવાબ આપ્યો : "દરદ માં તે જ હોય, પહેલા એ રિપોર્ટ જ તૈયાર કરાવે. બાકી બીજી વાત."

"એવું છે ? " રવિનાએ ઝૂકી જઈને અર્જુનને ચૂંબન કરી લેતા કહ્યું : " તો તો મારે રિપોર્ટ જ કરાવવો પડશે" અને પછી અર્જુનના હડસેલાથી ઊભી થતી થતી હસતી હસતી, રૂમઝુમ કરતી બહાર નીકળી ગઈ...! અર્જુન તેની પીઠના વળાંકને અને નિતંબને તાકી રહ્યો. અંદરથી પુરૂષાતન જાગી ઉઠ્યું... આ તો રાજેશ્વરીબા અને અનિતા ઘરે હતા નહીંતર તો એણે...

---

ઓફિસમાં બેઠા બેઠા દત્તા વિચારમાં પડી ગયા હતા. અર્જુનનું આખી રાત બહાર રહેવું... અઠવાડિયાથી ગૂમસૂમ થઈ જવું..પોતાની કોઈ અલગ દુનિયામાં ખોવાઈ જવું અને પછી વોમીટીંગ, ડોકટરનું નિદાન અને પછી પ્રશ્નાર્થો...પ્રશ્નાર્થો...!

દત્તા વિચારમાં પડી ગયો હતો કે કંઈક તો દાળમાં કાળુ છે બાકી, અર્જુન જેવો સ્ટ્રેઈટ ફોરવર્ડ માણસ કામ વગર કયાંય બહાર પણ જાય નહીં. અરે ચા પાણી પીવા કે ઘરના કામકાજેય પણ પાંચ પંદર મિનિટ બહાર નીકળે તોય પોતાને કહીને જાય તેને બદલે આખી રાત ઘરે કહ્યા વગર બહાર રહે એ વાત દત્તાને ગળે ઉતરી નહીં!! એણે મોબાઈલ હાથમાં લીધો અને વધુ વિગત જાણવા રૂદ્રવિજયસિંહને ફોન લગાડયો. ત્યાં જ ઓફિસનો લેન્ડ લાઈન ફોન રણકયો. સામેથી રૂદ્રવિજયસિંહના "હલ્લો, દત્તા સર, ફરમાવો..."ના જવાબમાં "બે મિનિટમાં ફરી કોલ કરૂં." કહી મોબાઈલ ફોન કટ કરી દત્તાએ ઓફિસના લેન્ડલાઈન ફોનનું રિસિવર કાને લગાડતા કહ્યું : " યસ, રામગઢ એસ.ટી. કંટ્રોલ રૂમ..."

"દત્તા સાહેબ બોલે છે ?" સામે છેડેથી પ્રશ્ન પૂછાયો.

"હા, હું દત્તા બોલુ છું. આપ કોણ ?"

"આપનો અને ખાસ તો અર્જુનસરનો હિતચિંતક બોલુ છું. એક વત કહેવી છે સર..."

"બોલો બોલો." દત્તા સચેત થઈ ગયો : " જી ફરમાવો"

"આસપાસમાં કોઈ છે તો નહીંને ?"

"ના, ના હું એકલો જ છું, ટ્રસ્ટ મી કહો... ચિંતા ન કરો. " તો તમને એક ઈન્ફોર્મેશન આપી દઉં. જે દિવસે અર્જુનસર ઘરે નહોતા પહોંચ્યા એ રાત્રે આખી રાત તેમનું બાઈક રાજમહેલના ચોગાનમાં બિનવારસી પડયું હતું અને ત્યાં અર્જુનસર નહોતા. વહેલી સવારે સાત વાગ્યે મેં તપાસ કરી તો બાઈક ગૂમ હતું, બસ, આટલી વાત કહેવાની છે સર..." દત્તા ઊંચો થઈ ગયો મનમાં એક ઘંટડી વાગવા માંડી. (ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

કોલકાતા પોલીસે સીબીઆઈને ખુલાસો કર્યો

# ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓ કોરિડોરમાં એકત્ર થયા હોવાથી મહિલા તબીબના પોસ્ટમાર્ટમમાં વિલંબ

(એ.આર.એલ),કોલકતા,તા.૩૧

કોલકાતામાં ડોક્ટરની પુત્રીના રેપ મર્ડર કેસમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસ અને સીબીઆઈની તપાસ પણ સતત ચાલી રહી છે. ઘટનાના દિવસથી જ તાલીમાર્થી તબીબના પોસ્ટમોર્ટમમાં વિલંબ કેમ થયો તેવો સવાલ ઉઠી રહ્યો છે. હવે કોલકાતા પોલીસે સીબીઆઈને આનું કારણ જણાવ્યું છે. પોલીસે તપાસ એજન્સીને જણાવ્યું છે કે પોસ્ટમોર્ટમમાં કેમ વિલંબ થયો.




સૂત્રોના જણાવ્યા અનુસાર કોલકાતા પોલીસે સીબીઆઈને જણાવ્યું કે તાલીમાર્થી ડૉક્ટરની હત્યા બાદ ગુસ્સે ભરાયેલા મેડિકલ વિદ્યાર્થીઓ સેમિનારની બાજુમાં કોરિડોરમાં એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓના બે જૂથ હતા. એક જૂથ આરજી કાર મેડિકલ કોલેજમાં મૃત છોકરીના પોસ્ટમોર્ટમની માંગ કરી રહ્યું હતું, જ્યારે બીજું જૂથ કોલેજની બહારની અન્ય હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવવાની માંગ પર અડગ હતું. આ પછી તેના પરિવાર સાથે વાતચીત કરવામાં આવી હતી. જેના કારણે પોસ્ટમોર્ટમાં વિલંમ થયો હતો.

# મેઘાલયમાંથી મળેલો અવામી નેતાનો મૃતદેહ બાંગ્લાદેશને સોંપવામાં આવ્યો

ઈશાક અલીખાન પન્નાનું મોત ગૂંગળામણને કારણે થયું હોવાનું પોસ્ટ મોર્ટમ રિપોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૧

મેઘાલયમાંથી મળી આવેલા બાંગ્લાદેશના અવામી લીગના નેતા ઈશાક અલી ખાન પન્નાના મૃતદેહને ભારતે બાંગ્લાદેશને સોંપ્યો છે. બાંગ્લાદેશ સરહદથી લગભગ ૧.૫ કિમી દૂર પૂર્વ જયંતિયા હિલ્સ જિલ્લાના ડોના ભોઈ ગામમાં ૨૬ ઓગસ્ટના રોજ પન્નાનો વિકૃત મૃતદેહ લોકોને મળ્યો હતો. પાસપોર્ટના આધારે અવામી લીગના નેતાની ઓળખ



કરવામાં આવી હતી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને બાંગ્લાદેશના અધિકારીઓએ મૃતદેહને સોંપવાની ઔપચારિકતા પૂરી કરવા માટે આખી રાત કામ કર્યું હતું. કડક સુરક્ષા વચ્ચે, મૃતદેહને મેઘાલયની ડાવકી-તામાબિલ આંતરરાષ્ટ્રીય સરહદ ચોકી દ્વારા બાંગ્લાદેશ લઈ જવામાં આવ્યો.

અવામી લીગના મુખ્ય નેતા શેખ હસીના છે, જેઓ બાંગ્લાદેશના વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત આવ્યા હતા.

હકીકતમાં, બાંગ્લાદેશમાં અભૂતપૂર્વ સરકાર વિરોધી દેખાવો બાદ શેખ હસીનાએ ૫ ઓગસ્ટે પોતાનો દેશ છોડવો પડ્યો હતો. હસીનાના રાજીનામા બાદ અવામી લીગના મોટાભાગના નેતાઓ છુપાઈ ગયા છે.

# ઈલોન મસ્કને સૌથી મોટો ઝટકો, 'એક્સ' સામે બ્રાઝિલમાં પ્રતિબંધ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૩૧

બ્રાઝિલે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કને મોટો ઝટકો આપ્યો છે. ઈલોન મસ્કની માલિકીના પ્લેટફોર્મ એક્સ પર બ્રાઝિલ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એક્સ ને બ્રાઝિલમાં તેના કાનૂની પ્રતિનિધિની નિમણૂક કરવા માટે કહેવાયું હતું અને કંપનીએ આ આદેશની અવગણના કરી હતી જેના પગલે તેની સામે આ કાર્યવાહી થઈ હતી.



બ્રાઝિલ સરકારના મતે જ્યાં સુધી એક્સ કોર્ટના તમામ આદેશોનું પાલન નહીં કરે અને દંડની ચુકવણી નહીં કરે ત્યાં સુધી તેના પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ઉલ્લેખનીય છે કે ઈલોન મસ્ક અને બ્રાઝિલ વચ્ચે એપ્રિલ મહિનાથી વિવાદ ચાલી રહ્યો છે. આ વર્ષે એપ્રિલમાં બ્રાઝિલની કોર્ટે ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમના પર ખોટી માહિતી ફેલાવવાનો આરોપ હતો. કોર્ટના આદેશ પર પ્રતિક્રિયા આપતા ઈલોન મસ્કએ કહ્યું હતું કે વાણી સ્વતંત્રતા એ કોઈપણ લોકશાહીનો આધાર છે.

# યુપીમાં વિદ્યાર્થિની પર બળાત્કાર કર્યા બાદ ગર્ભપાત કરવા ડોક્ટરનું દબાણ

(એ.આર.એલ),બુલંદશહેર,તા.૩૧

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં BAMSની વિદ્યાર્થિની પર તેના સાથી ડૉક્ટર દ્વારા અનેક વખત બળાત્કારનો મામલો સામે આવ્યો છે. પીડિતાએ આ મામલે પોલીસને ફરિયાદ કરી છે અને જણાવ્યું છે કે તે ૬ મહિનાની ગર્ભવતી છે. સગર્ભાવસ્થાની જાણ કર્યા પછી, આરોપી ડૉક્ટરે તેને ઘણી વખત ગર્ભપાત કરવાનો પ્રયાસ કર્યો અને તેને ગર્ભપાત કરાવવા માટે કહ્યું. જ્યારે યુવતીએ ના પાડી તો તેણે તેને માર માર્યો અને જાનથી મારી




નાખવાની ધમકી આપી. પોલીસે આરોપી ડોક્ટરની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો છે. મળતી માહિતી મુજબ, ડોક્ટર સાબીર શહેરમાં ન્યૂ નેશનલ હોસ્પિટલ ચલાવે છે. સાબીરે દર્દીનું ઓપરેશન કરાવવાના બહાને બીએએમએસની વિદ્યાર્થિનીને બોલાવી હતી અને તેણે ઓપરેશનના સ્થળે જ વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજાર્યો હતો. પીડિતાએ પોલીસને ફરિયાદ આપી છે, જેમાં તેણે કહ્યું છે કે હોસ્પિટલ સિવાય ડોક્ટર તેને અલીગઢના જવાનમાં તેના મિત્ર ડૉ. રફીકના ક્લિનિક પર લઈ જવાના બહાને પણ લઈ ગયો, જ્યાં તેની સાથે ફરીથી બળાત્કાર કરવામાં આવ્યો. આ પછી રફીક તેને એક મદરેસામાં લઈ ગયો જ્યાં વિદ્યાર્થિનીને ફરીથી નશાની દવા આપી અને ઘણી વખત બળાત્કાર ગુજાર્યો. વિદ્યાર્થિનીની ફરિયાદના આધારે પોલીસે આરોપી સાબીર અલી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. હાલ કોર્ટે આરોપી ડોક્ટરને જેલમાં મોકલી આપ્યો છે.

# ૯ સપ્ટેમ્બરે સંરક્ષણ નવીનીકરણને મજબૂત કરવા પર ભારત-યુએસ વાતચીત કરશે

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૩૧

યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (યુએસઆઈએસપીએફ) એ જણાવ્યું હતું કે તે બંને દેશો વચ્ચે સંરક્ષણ નવીનતામાં અદ્યતન તકનીકી ભાગીદારીને મજબૂત કરવા માટે તેની સંરક્ષણ સમિટની ત્રીજી આવૃત્તિ યુએસમાં યોજશે. ખાતે તેમણે જણાવ્યું હતું. યુએસઆઈએસપીએફએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સમિટ સંરક્ષણ નવીનતામાં અદ્યતન તકનીકી ભાગીદારીને મજબૂત કરવા માટે બંને દેશોના મુખ્ય સંરક્ષણ નીતિ નિર્માતાઓને એકસાથે લાવશે. આ વર્ષની થીમ 'ક્રોસ બોર્ડર ડિફેન્સ ઈનોવેશન ઈકોસિસ્ટમને વધારવા માટે રોકાણની તકોનો ઉપયોગ' હશે, એમ જાહેરાતમાં જણાવાયું છે. સમિટમાં ખાનગી-જાહેર ક્ષેત્રના નેતાઓ સાથે મુખ્ય સંબોધન, પેનલ ચર્ચાઓ અને રાઉન્ડ ટેબલ સત્રો હશે. તમને જણાવી દઈએ કે બંને દેશો સંરક્ષણ અને ઔદ્યોગિક સહયોગ માટે સહ-ઉત્પાદન પ્રોજેક્ટ્સ વધારવા માટે પણ સંમત થયા છે.



# વિસાવદરના વાડી વિસ્તારમા અગાસી પર સૂતેલી બાળકી પર સિંહનો હુમલો

વિસાવદર, તા.૩૧

જૂનાગઢમાં જંગલ છોડી સિંહ હવે લોકોની અગાસી સુધી પહોંચતા ફફડાટ ફેલાયો છે. વિસાવદરના ખોડીયારપરા વાડી વિસ્તારમાં અગાસી પર સૂતેલા પરિવારની દીકરી પર સિંહ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. વહેલી સવારે ૫:૦૦ વાગ્યે પરિવાર જ્યારે અગાસી પર સૂતો હતો. ત્યારે સિંહ અચાનક જ બાળકીને લઈ ભાગ્યો હતો. સિંહે બાળકી ઉપર હુમલો કર્યાની જાણ



પરિવારને થતા પરિવાર જાગ્યો હતો અને પરિવાર દ્વારા બૂમાબૂમ કરતા સિંહ બાળકીને છોડી નજીકની દીવાલ કૂદી ભાગી ગયો હતો. સિંહે બાળકી પર હુમલો કર્યાની જાણ થતા આસપાસના લોકો એકઠા થયા હતા અને બાળકીને સારવાર માટે લઈ જવામાં આવી હતી. હાલ જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ગંભીર રીતે ઘાયલ થયેલ બાળકીની સારવાર શરૂ કરવામાં આવી છે.

# યુપીમાં બે, તામિલનાડુમાં એક વંદે ભારત ટ્રેનને લીલીઝંડી આપતા પ્રધાનમંત્રી મોદી

નવીદિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેરઠ-લખનૌ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી. આ પ્રસંગે હાજર રહેલા મેરઠના સાંસદ અરુણ ગોવિલે કહ્યું કે 'આજનો દિવસ ખૂબ જ ઐતિહાસિક છે. આજે મેરઠને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલવે મંત્રી તરફથી આટલી સારી ભેટ મળી છે. વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મેરઠ-લખનૌ, મદુરાઈ-બેંગ્લોર અને ચેન્નાઈ-નાગરકોઈલ વંદે ભારત એક્સપ્રેસ



ટ્રેનોને લીલી ઝંડી બતાવી હતી.

પોતાના વર્ચ્યુઅલ સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે 'આજે ઉત્તરથી દક્ષિણ સુધીની દેશની વિકાસ યાત્રામાં વધુ એક અધ્યાય જોડાઈ રહ્યો છે. વંદે ભારત ટ્રેનો આજથી મદુરાઈ-બેંગલુરુ, ચેન્નાઈ-નાગરકોઈલ અને મેરઠ-લખનૌ વચ્ચે શરૂ થઈ રહી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજન માટે પાકિસ્તાન પાસે પૈસા નથી, હવે સ્ટેડિયમનું નામ વેચવાની ફરજ પડી

ઈસ્લામાબાદ,તા.૩૧

આવતા વર્ષે પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન થવાનું છે. આ ટૂર્નામેન્ટ દ્વારા પાકિસ્તાન લાંબા સમય બાદ આઈસીસી ટૂર્નામેન્ટનું આયોજન કરશે. આવી સ્થિતિમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ એટલે કે પીસીબી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના આયોજન માટે નાણાં એકત્ર કરવામાં વ્યસ્ત છે. પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડની હાલત કોઈનાથી છુપી નથી. આ જ



કારણ છે કે બોર્ડ અલગ-અલગ રીતે પૈસા એકઠા કરવાનો પ્રયાસ કરી રહ્યું છે જેથી ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન સમયસર થઈ શકે. વાસ્તવમાં, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તેના એક ઐતિહાસિક સ્ટેડિયમનું નામ વેચવાનો નિર્ણય લીધો છે. આ સ્ટેડિયમ બીજું કોઈ નહીં પણ લાહોરનું ગદાફી સ્ટેડિયમ છે જેનું પાકિસ્તાન ક્રિકેટમાં વિશેષ મહત્વ છે. પીસીબીએ ગદાફી સ્ટેડિયમના નામકરણના અધિકારો એક ખાનગી બેંકને ૫ વર્ષ માટે વેચી દીધા છે. આ ડીલ ૧ અબજ પાકિસ્તાની રૂપિયામાં કરવામાં આવી છે. પરંતુ સ્પષ્ટ છે કે હવે ગદાફી સ્ટેડિયમ પણ કરાચીના નેશનલ સ્ટેડિયમની જેમ બેંકના નામથી ઓળખાશે.

# ગુજરાત શિક્ષણ બોર્ડની ચૂંટણી માટે ડૉ.પ્રિયવદન કોરાટે ઉમેદવારી નોંધાવી

અમરેલી, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી ચૂંટણી માટે આજે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. શાળા સંચાલક મંડળમાંથી ડૉ. પ્રિયવદન કોરાટે પોતાનું ઉમેદવારી પત્રક રજૂ કર્યું છે. આ પ્રસંગે નોંધપાત્ર બાબત એ છે કે ડૉ. કોરાટને સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના



અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકોનું એકસાથે સમર્થન પ્રાપ્ત થયું છે. આ તેમની લોકપ્રિયતા અને કાર્યક્ષમતાનું પ્રતીક છે. ડૉ. કોરાટ વર્ષોથી બોર્ડના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમની કાર્યશૈલી માટે જાણીતા છે, જેમાં તેઓ લોકોના કામ અત્યંત ઝડપથી ૧૦૮ની ગતિએ કામ કરે છે. ડૉ. કોરાટ ૨૪ કલાક શિક્ષણ ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં સક્રિય રહે છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ઉપયોગી થવાનો છે. શિક્ષણ જગતમાં તેઓ એક બાહોશ, કદાવર અને સક્ષમ નેતા તરીકે ઓળખાય છે.

# સાંકરોળી ડેમ ઓવરફ્લો: નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ નવા નીરનું સ્વાગત કર્યું

વડિયા, તા.૩૧

ગુજરાતમાં ચાલી રહેલા ભારે વરસાદને કારણે રાજ્યભરના જળાશયો છલકાઈ રહ્યા છે. આ વચ્ચે, અમરેલી, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાની સરહદે આવેલો સાંકરોળી ડેમ પણ આ સિઝનમાં પ્રથમ વખત ઓવરફ્લો થયો છે. ભેસાણ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં થયેલા ભારે વરસાદને કારણે સાંકરોળી નદીમાં ઘોડાપૂર આવતા ડેમ છલકાયો છે. આ ડેમ



વડિયાના હનુમાન ખીજડીયા, જેતપુરના ચારણ સમઢીયાળા, ભેસાણના સાંકરોડા સહિતના ગામોને સિંચાઈ માટે પાણી પૂરું પાડે છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ પોતાના મતવિસ્તાર હનુમાન ખીજડીયા નજીક આવેલા આ ડેમની મુલાકાત લીધી હતી. તેમની સાથે કાર્યકરો અને હોદ્દેદારોનો કાફલો પણ જોડાયો હતો.

વેકરીયાએ ઓવરફ્લો થયેલા ડેમમાં શ્રીફળ, કંકુ, ચોખા અને ફૂલ અર્પણ કરી નવા નીરનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ પરષોત્તમ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા પંચાયત સદસ્ય જયસુખ ભુવા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમર, છગન ઢોલરીયા, તુષાર ગણાત્રા સહિતના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# બેઠક બાદ તરણેતરનો મેળો યોજવા માટે ગ્રામ પંચાયત તૈયાર

સુરેન્દ્રનગર,તા.૩૧

સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ તાલુકાના તરણેતર ગામે વિશ્વવિખ્યાત તરણેતર મેળા માટે બેઠક યોજાઈ હતી. જેમાં વિશ્વ પ્રસિદ્ધ તરણેતર મેળો આગામી ૬ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર યોજવા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં તરણેતરના મેળા અંગે આજે તરણેતર ગ્રામ પંચાયત ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જિલ્લાના સાંસદ સભ્ય તેમજ ચોટીલાના ધારાસભ્ય, મેળાની કમિટીના સભ્યો સહિત ગ્રામ પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમા તરણેતરના મેળા માટે રસ્તા, પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થા સંબંધિત અધિકારીઓએ સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. તરણેતરના મેળામાં ગ્રામીણ ઓલમ્પિક પશુ સ્પર્ધા સાંસ્કૃતિક કાર્યક્રમ બાબતે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.


**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૧/૨૪ તા.૦૮/૦૮/૨૦૨૪

**વિવાદી-** શ્રી વસંતબેન ડો/ઓ.ગંગદાસભાઈ રાદડીયા, રે. સુરત, ઠે.૮૩, સતાધાર કૃપા સોસા. ધરમનગર રોડ, તા. સુરત. જિ.સુરત. (મો.નં. ૯૮૨૫૩ ૫૧૭૨૯)

//વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત વાવડી, બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે વાવડી** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પોતે **વસંતબેન ગંગદાસભાઈ રાદડીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૧ના રોજ મોજે.વાવડી,તા.બાબરા,જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની** નોંધ કરાવેલ ન હોય /જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં **તા.૧૮/૦૭/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા ૦૩/૦૯/૨૦૨૪ના રોજ બપોરના૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**

**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**

**બાબરા**



**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૦/૨૪ તા.૦૮/૦૮/૨૦૨૪

**વિવાદી-** શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ ખુંટ, રે. ઉટવડ, તા. બાબરા, જિ.અમરેલી C/O આર.વી. મીઠાપરા, એડવોકેટ બાબરા (મો.નં. ૭૦૧૬૭૦૨૩૮૭)

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત ઉટવડ, બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

**(મરણ નાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે.ઉટવડ** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના ભાઈશ્રી **બાઘાભાઈ ભીખાભાઈ ખુંટનુ મરણ તા.૦૫/૦૬/૧૯૯૮ રોજ મોજે.ઉટવડ,તા.બાબરા,જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **મરણની** નોંધ કરાવેલ ન હોય /મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **મરણ** ની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં **તા.૨૪/૦૭/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **મરણ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા ૦૩/૦૯/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**

**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**

**બાબરા**


# કોડીનારના દેવળી ગામે વાડીના મકાનમાં ઘૂસેલો દીપડાને બેભાન કરી પાંજરે પૂરવામાં આવ્યો

કોડીનાર, તા.૩૧

કોડીનારના દેવળી દેદાની ગામે ખડૂતના વાડી વિસ્તારમાં શિકારની શોધમાં ખૂંખાર દીપડો આવી અને મકાનમાં અંદર ઘૂસી જતાં જેની ખેડૂતને જાણ થતા મકાનના દરવાજા બહારથી બંધ કરી દીધેલ અને વન વિભાગને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ મકાનમાંથી દીપડાનું રેસ્ક્યું કરવામાં આવ્યું હતું. કોડીનારના દેવળી ગામેની ડેડીક્યાં વાડી વિસ્તારમાં રહેતાં જેસિંગભાઈ મોરીના વાડી વિસ્તારમાં દિપડો


તસવીર : કૈલાશ ભટ્ટ

શિકાર માટે આવી ચઢ્યો હતો અને શિકારની શોધમાં એક મકાનમાં ઘુસી ગયો હતો. આ બાબતની જાણ ખેડૂતને થતા મકાનનો દરવાજો બહારના ભાગેથી બંધ કરી દીધો હતો અને વન વિભાગને જાણ કરી હતી.

### વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાષ્ટ્રીય પોષણ માસનો પ્રારંભ

ગાંધીનગર,તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૪નો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ ગાંધીનગર મહાત્મા મંદિરથી કરાવ્યો હતો. આ અવસરે મહાનુભાવોના વરદહસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણની સાથે વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી દર વર્ષે ભારતભરમાં સપ્ટેમ્બર માસને "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં સાતમાં "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણી કરવામાં આવશે. આજે ગાંધીનગરના મહાત્મા મંદિરથી રાષ્ટ્ર વ્યાપી પ્રારંભ આવ્યો છે.મુખ્યમંત્રીએ આ અંગે જણાવ્યું હતું કે, દેશમાં સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ




અને ૬ વર્ષની વય સુધીના બાળકોના પોષણની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને કુપોષણ સામેના જંગ માટે વડાપ્રધાને ૨૦૧૮માં રાષ્ટ્રીય પોષણ અભિયાનની શરૂઆત કરાવી હતી. સાતમા તબક્કાના આ પોષણ માહની ઉજવણી દેશભરમાં એનિમિયા નિવારણ, ગ્રોથ મોનિટરિંગ, ટેક્નોલોજીના ઉપયોગથી સુશાસન અને પારદર્શિતા દ્વારા કાર્યક્ષમ સેવા વિતરણ, પોષણ ભી પઢાઈ ભી અને પૂરક આહારની થીમ સાથે થવાની છે. ત્યારે મુખ્યમંત્રી અને કેન્દ્રિય મહિલા બાળ કલ્યાણ મંત્રી તેમજ ગુજરાતના મહિલા બાળ કલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરિયાએ આ અવસરે પ્રતિકરૂપે ભૂલકાંઓને અન્નપ્રાશન ટીપાં પીવડાવવા સાથે, વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને લાભ વિતરણ, સગર્ભા અને ધાત્રી માતા તથા એડોલસન્ટ દીકરીને પોષણક્ષમ આહાર કીટ તેમ જ સ્વાવલંબન યોજનાના લાભાર્થી બહેનોને સહાય ચેકનું વિતરણ કર્યું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષતામાં અમૃતકાળમાં કૃષિ પેદાશોની પ્રક્રિયા અને 'મૂલ્યવર્ધન' અંગેના સેમિનાર યોજાયો

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક' મંત્ર આપીને દેશના વિકાસને નવી દિશા આપી છે. આ દિશામાં જ આગળ વધીને આપણે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત સાકાર કરવાનું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શાંતિપુરા, અમદાવાદ ખાતે ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ દ્વારા આયોજિત 'અમૃતકાળમાં કૃષિ પેદાશોની પ્રક્રિયા અને



મૂલ્યવર્ધન' અંગેના સેમિનારમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, હાલના સમયમાં જમીનના સ્વાસ્થ્ય અને તેના પોષક તત્વો ઉપર રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ દ્વારા થતી વિપરીત અસરોના પરિણામે જમીન તેના કુદરતી પોષકતત્વો ગુમાવી રહી છે. આ સમસ્યાના સમાધાન અંગે તેમણે કહ્યું હતું કે, ભાવિ પેઢીને પોષણયુક્ત આહાર આપવા માટે સારી ગુણવત્તાવાળો પાક પેદા કરી શકે તેવી પોષક તત્વોથી ભરપૂર જમીન ખૂબ જરૂરી છે. તેમણે જમીનના પોષણને સુધારવાના ઉપાય તરીકે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને ઉત્તમ સમાધાન ગણાવી હતી.

# વિદેશી દારૂની ૧૭૧૬ બોટલ ઝડપી પાડતી અમરેલી એલસીબી

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લામાં બેરોકટોક દારૂ ઠલવાઈ રહ્યો છે. જો કે અમરેલી એલસીબીને આ બાબતે બાતમી મળતા પોલીસે ટ્રકને અટકાવી તલાશી લેતા તાડપત્રીની આડમાં વિદેશી દારૂની ૧૭૧૬ બોટલ સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. અમરેલી એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, એક ટ્રક



ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી લાઠી તરફથી અમરેલી તરફ આવી રહ્યો છે. જેથી બાતમી મળતા જ અમરેલી એલસબીએ વોચ ગોઠવી હતી જેમાં અમરેલી-લાઠી રોડ પર પર વરસડા ગામ પાસે ટ્રક પકડી પાડી ટ્રકમાં તાડપત્રીની આડશમાં વિદેશી દારૂની ૧૭૧૬ બોટલ ઝડપી પાડી હતી. પોલીસે કિશન સુરેશ દવે રહે. લીલીયા મોટા અને સીકંદર ઈબ્રાહીમ પઠાણ રહે. ઢસાવાળાને ઝડપી પાડ્યા હતા. જયારે વિરાજ પ્રવિણચંદ્ર રાણા રહે. ઢસાવાળાને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે દારૂ કિ.રૂ.૫,૬૮,૧૬૦ મળી કુલ રૂા.૧૬,૬૪,૧૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# સુરતમાંથી છેલ્લા એક વર્ષમાં ૨૨ બાંગ્લાદેશીઓની ધરપકડ

સુરત,તા.૩૧

સુરતમાં છેલ્લા એક વર્ષમાં (૨૦૨૩-૨૪) ગેરકાયદેસર રીતે આવેલા ૨૨ જેટલા બાંગ્લાદેશીની ધરપકડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા કરવામાં આવી છે. આ તમામ લોકો ગણતરીના કલાકોમાં ભારતમાં ઘૂસણખોરી કરી લેતા હોય છે, પરંતુ જ્યારે એમને પરત મોકલવાની વાત આવે ત્યારે આ જટિલ પ્રક્રિયામાં વર્ષો લાગી જાય છે. ૧૦થી ૧૫ હજાર



રૂપિયા આપીને ગેરકાયદેસર રીતે ભારત આવેલા બાંગ્લાદેશીઓની ધરપકડથી લઈ પરત બાંગ્લાદેશ સુધી મોકલવાની સમય મર્યાદામાં સરકારને તેમની ઉપર લાખો રૂપિયા ખર્ચ કરવા પડે છે. તેમને નજર કેદ રાખવામાં આવે છે અને પોલીસ દ્વારા વારંવાર તેમની તપાસ કરવામાં આવે છે. આ લોકો પાસેથી પોલીસને ભારતના બોગસ ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા હતા. આ મામલે સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૫ કેસ કરી ૨૨ બાંગ્લાદેશીની ધરપકડ કરી છે. આ તમામ બાંગ્લાદેશી આરોપી પાસે ભારતનો બોગસ આધારકાર્ડ અને જન્મના દાખલા મળી આવ્યા હતા. સાથે ઈલેક્શન કાર્ડ અને પાનકાર્ડ પણ મળી આવ્યા છે.

# આગામી ૬ દિવસ રાજયમાં મધ્યમથી અતિભારે વરસાદની આગાહી કરાઈ

**તા.૩થી સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે**

અમદાવાદ,તા.૩૧

હવામાન વિભાગ દ્વારા આજે પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. એ બાદ ત્રણ દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે વિવિધ જિલ્લાઓમાં ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરવામાં આવેલું છે. બંગાળની ખાડીમાં પણ ડીપ ડિપ્રેશન સર્જાઇ રહ્યું છે અને મોન્સૂન ટ્રફ નલિયાથી બંગાળ સુધી વિસ્તરેલું છે, જેથી અતિભારે વરસાદ વરસવાની શક્યતા રહેલી છે.આજ સમયગાળામાં સૌરાષ્ટ્ર અને કચ્છની વાત કરવામાં આવે તો ૦૧ અને ૦૨ સપ્ટેમ્બરના રોજ કોઈ વોર્નિંગ નથી. જ્યારે ૦૩થી ૦૬ સપ્ટેમ્બરના રોજ છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાનની આગાહી મુજબ, ૦૧ સપ્ટેમ્બરના રોજ પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુરમાં છૂટાછવાયાં સ્થળે ભારે વરસાદ પડી શકે છે. ૦૨ સપ્ટેમ્બરના રોજ ભરૂચ અને નર્મદામાં ઓરેન્જ એલર્ટ સાથે છુટાછવાયાં સ્થળોએ ભારે વરસાદ પડશે. ૦૩ અને ૦૪ સપ્ટેમ્બરના રોજ પૂર્વ સૌરાષ્ટ્રના જિલ્લાઓ, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં છુટાછવાયાં સ્થળે ભારે વરસાદ પડી શકે છે. ૦૫ સપ્ટેમ્બરના રોજ ઉત્તર ગુજરાત અને કચ્છમાં છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદ પડશે.

# હાઈકોર્ટના આદેશના પગલે રાજકોટના ૯ પીએસઆઈની બદલી કરવામાં આવી

(એ.આર.એલ),રાજકોટ,તા.૩૧

રાજકોટના સરકારી તંત્રમાં બદલીનો ગંજીફો ચીપાયો છે. પણ આ બદલીનો ગંજીફો સરકારે જાતે ચીપ્યો નથી, ચીપવો પડ્યો છે. હાઈકોર્ટના આદેશના પગલે રાજકોટના નવ પીએસઆઈની આંતરિક બદલી કરવામાં આવી છે. મેન્ગો માર્કેટના જમીન પ્રકરણમાં આ બદલી કરવામાં આવી છે. હાઈકોર્ટે આકરું વલણ અપનાવ્યા બાદ આ બદલી કરવામાં આવી છે. પીએસઆઈ કે.ડી. મારુની જૂનાગઢ પીટીએસ ખાતે બદલી કરવામાં આવી છે.એ.એન. પરમારની ક્રાઈમ બ્રાન્ચની ઈકોનોમિક ઓફેન્સ વિંગમાંથી ડીસીબીમાં કરવામાં આવી છે. એન.વી. હરિયાણીની ગીંગ્રામ પોલીસ સ્ટેશનમાંથી એસઓજીમાં બદલી કરવામાં આવી છે. આર.જે. કામલિયાની સાઈબર ક્રાઈમમાંથી એસઓજીમાં બદલી કરવામાં આવી છે. એમ.જે. હુણની ડીસીબીમાંથી પીસીબીમાં બદલી કરવામાં આવી છે. જે.જી. તેરૈયાની પ્ર. નગરથી પેરોલ ફર્લો સ્કવોડમાં બદલી કરવામાં આવી છે. એ.એસ. મકરાણીની રીડર શાખામાંથી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી છે.

# વરસાદના કારણે ખાડામાં પાણી ભરતા ન્હાવા પડેલા બે કિશોરોના ડૂબી જવાથી મોત

(એ.આર.એલ),રાજકોટ,તા.૩૧

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદના પગલે ઠેરઠેર પાણીના ઉંડા ખાડા,નાના-મોટા તળાવો પાણીથી છલોછલ થયા છે અને લોકો તેમાં ન્હાવા પડતા હોય છે જે અત્યંત જોખમી છે. પો.ક. દ્વારા ડેમ, તળાવ વગેરેમાં ન્હાવા પર પ્રતિબંધ પણ મુકાયો છે. ત્યારે ગઈકાલે રાજકોટમાં નવા કોર્ટ બિલ્ડીંગ પાછળ પાણીથી ભરાયેલા ખાડામાં ન્હાવા પડેલા બે કિશોરોના મોત નીપજ્યા છે. પોલીસ સૂત્રો અનુસાર



૧૦ વર્ષનો ભીખો મુન્નાભાઈ ભુંડીયા (રહે.રૈયાધાર રંભામાની વાડી પાસે) અને મયુર વિજયભાઈ હળવદીયા (ઉ. ૧૨ રહે.રૈયાધાર, ગૌશાળા પાસે) ઉપરોક્ત પાણી ભરેલા ખાડામાં ન્હાવા પડતા ડૂબીને મોતને ભેટયા હતા. જ્યારે તેમની સાથે કરણ દિપકભાઈ નામનો કિશોર પણ ગયો હતો પરંતુ, તે બચી ગયો હતો.

# રાજ્યમાં ભારે વરસાદના કારણે ૨૦૬માંથી ૧૦૮ જળાશયો ૧૦૦ ટકા ભરાતા હાઈ એલર્ટ જાહેર

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૩૧

રાજ્યમાં મેઘરાજાની મહેરના પરિણામે ૨૦૬ જળાશયોમાંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૪ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૨૦ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૧૨ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૬,૩૮૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૫ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૩૨,૫૦૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૭.૨૧ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં સાવત્રિક વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧.૮૬ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૭૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

# અજાણ્યા શખ્સોએ ભુજ પાલિકાના કોર્પોરેટરને મારી નાખવાની ધમકી આપી ફાયરિંગ કર્યું

(એ.આર.એલ),ભુજ,તા.૩૧

ભુજ પાલિકાના કોર્પોરેટર ધર્મેશ ગોરને અજાણ્યા શખ્સોએ મારી નાખવાની ધમકી આપી છે,સાથે સાથે તેમની ઓફિસની બહાર ફાયરીંગ કરી વાહનોમાં તોડફોડ કરવામાં આવી છે,સમગ્ર ઘટનામાં ભુજ બી-ડિવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, અંગત અદાવતમાં ફાયરીંગ તેમજ વાહનોમાં તોડફોડ થઈ હોવાની વાત પ્રાથમિક તપાસમાં સામે આવી છે.

ભુજ નગરપાલિકાના કોર્પોરેટર ધર્મેશ ગોરની ઓફિસની બહાર કેટલાક વ્યકિતઓ દ્વારા ફાયરીંગ કરાતા આસપાસના લોકોના જીવ તાળવે ચોંટયા હતા, સાથે સાથે કોર્પોરેટરને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી, સમગ્ર ઘટનાને લઈ પોલીસના ધાડે ધાડા ઘટના સ્થળે હાજર થઈ ગયા હતા અને સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી હતી, હજી આ ૯ શખ્સોની ઓળખ થઈ નથી, જયારે પોલીસ આરોપીઓને ઝડપશે ત્યારે ખબર પડશે કે કઈ વાતને લઈ તોડફોડ અને ફાયરીંગ કરવામાં આવ્યું.

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**

**મેડીકલ ઓફિસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-

**રિસેપ્સનિસ્ટ** (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-

**સ્વીપર** (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.







# ભારે વરસાદ બાદ રાજયમાં હવે કોલેરાનો ખતરો, રાજકોટના ૪ વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

અમદાવાદ,તા.૩૧

ગુજરાત પરથી અતિભારે વરસાદની ઘાત ટળી રહી હોય એવું લાગી રહ્યું છે. એક અઠવાડિયા સુધી મેઘરાજાએ ગુજરાતને બાનમાં લીધું હતું અને ધોઈ નાખ્યું હતું. હવે વરસાદ બાદ રાજ્યમાં કોલેરાનો ખતરો મંડરાઈ રહ્યો છે. રાજકોટમાં અત્યારસુધીમાં ૧૯ કોલેરાના કેસ નોંધાતાં ૪ વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં પણ અવાનવાર રેસ્ટોરન્ટ, હોટલ,



ફૂડ કોર્ટમાંથી જીવજંતુઓ નીકળે છે. ત્યારે લોકોએ હાલ બહારનું ખાતાં પહેલાં ચેતવું જરૂરી છે. કોલેરાગ્રસ્ત વિસ્તારોમાં કઈ વસ્તુઓ પર વેચાણ કરવા પર પ્રતિબંધ હોય છે એ આરોગ્ય વિભાગે વિગતે માહિતી આપી છે તેમજ કોલેરાથી બચવા માટેના ઉપાયો પણ સૂચવ્યા છે. ગુજરાતમાં ચાર મહાનગરમાં જાન્યુઆરીથી અત્યારસુધીમાં ૨૫૩ કેસ નોંધાયા છે.